RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 68* Date: 03.01.2022 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ઉત્તર પ્રદેશને ચૂંટણી પહેલા નવા વર્ષમાં ભેટ

## મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો વડાપ્રધાનના હસ્તે શિલાન્યાસ




### પહેલાંની સરકારોએ લોકો સાથે ગંદી રમત રમી, હવે યોગી સરકાર આવા તત્ત્વો સાથે જેલ-જેલ રમે છે ! : પીએમ મોદી

મેરઠ,તા.૨

કેન્દ્રિય રાજનીતિનો અખાડો ગણાતું ઉત્તર પ્રદેશ હાલ રાજકીય રંગે રંગાયેલું જોવા મળી રહ્યું છે. આગામી સમયમાં ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો હાલ યૂપીની ચૂંટણીમાં કાઢું કાઢવા માટે એડી ચોંટીનું જોર લગાવી રહ્યું છે. ત્યારે આજે પીએમ મોદીએ યુપીના મેરઠમાં જાહેર સભાને સંબોધતા વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતાં. પીએમ મોદીએ કહ્યુંકે, પહેલાંની સરકારોએ અહીંના લોકો સાથે ગંદી રાજરમત રમી છે. પહેલાં મેરઠમાં માફિયાઓનો ખેલ ચાલતો હતો. હવે યૂપીની યોગી સરકાર આવા તત્વો સાથે જેલ-જેલની રમત રમી રહી છે. નવા વર્ષનો પહેલો રવિવાર યુપીના રાજકારણ માટે સુપર સન્ડે બની રહ્યો છે. પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર સ્વતંત્રતા સંગ્રામની ભૂમિ ઉત્તર પ્રદેશના મેરઠની મુલાકાતે પહોંત્યા હતાં. જ્યાં વિશાળ જનસભાને સંબોધતી વખતે પીએમ મોદીએ અગાઉની સરકારોને આડેહાથ લીધી. મહત્ત્વનું છેકે, પીએમ મોદીએ આજે યુપીના મેરઠમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો. સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું નામ મેજર ધ્યાનચંદના નામે સમર્પિત કરવામાં આવે છે. મેજર ધ્યાનચંદના નામમાં પણ સંદેશ છે. ધ્યાનચંદના નામે જોડાયેલી આ યુનિવર્સિટીમાં ધ્યાનથી કામ કરતા લોકોને ખુબ સારી તક મળશે. યુપીની પહેલી સ્પોર્ટ્સ યુનિવર્સિટી છે. યુવાઓને રમતોથી જોડાયેલી આંતરરાષ્ટ્રીય સુવિધાઓ અહીં મળી રહેશે.

ઉલ્લેખનીય છેકે, ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પાડવામાં આવે તે પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેરઠમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો. પીએમ મોદી સરધનાના સલવા ખાતે સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ પણ કર્યો. અને ત્યારબાદ તેઓ એક મોટી રેલીને પણ સંબોધિત કરી. પીએમ મોદી શિલાન્યાસ કરતા પહેલા ઔઘડનાથ મંદિર અને શહીદ મડકમાં ૧૮૫૭ના અમર શહીદોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, મેરઠ અમારી સંસ્કૃતિ અને સામર્થ્યનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. રામાયણ અને મહાભારતકાળ પહેલાંની યાદો મેરઠ સાથે જોડાયેલી છે.પહેલાની સરકારોએ અહીંના લોકો સાથે ગંદી રમત રમી છે. હવે યોગીજીની સરકાર આવા આરોપીઓ સાથે જેલ-જેલ રમે છે. પહેલાં મેરઠની દિકરીઓ ઘરેથી બહાર નીકળતા ડરતી હતી. આજે દેશનું નામ રોશન કરે છે. પહેલાં મેરઠમાં માફિયા પોતાનો ખેલ ખેલતા હતા. અહીં અવૈધ કબ્જો હાંસલ કરવાના મુકાબલા થતા હતા. પહેલાંની સરકારો પોતાનો રાજ રમત રમતી રહેતી હતી. તે સમયે ખેલાડીઓનું અપમાન અને અવગણના થતી હતી. હવે એવું નહીં થાય. હવે ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા મળી રહે અહીં તેવી વ્યવસ્થા કરાઈ છે.

## કોરોનાના કેસ વધતા કેન્દ્ર સરકારે અસ્થાયી હોસ્પિટલ, કંટ્રોલ રૂમ બનાવવા નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,તા.૨

દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે જેને લઈને કેન્દ્ર સરકાર ચિંતિત જણાઇ રહી છે. સાથે જ આવનારા સમયને લઈને સ્વાસ્થ્ય સેવાઓ મજબૂત કરવા માટે પણ કમર કસી છે.કેન્દ્રએ રાજ્યોને દેશમાં કોરોનાના વાયરસનુ સંક્રમણ વધવા અંગેની તપાસ માટે એડવાઈઝરી જાહેર કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને કોરોના વાયરસના કેસ કાબૂમાં લેવા માટે કેટલાક નિર્દેશો સૂચવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે પત્ર લખીને સ્વાસ્થ્ય સચિવે રાજ્યોને અસ્થાયી હોસ્પિટલ બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યુ છે. તેમજ કોરોનાના કેસ પર નજર રાખીને કંટ્રોલ રૂમ બનાવવાની સલાહ આપી છે. સાથે જ જિલ્લા-ઉપજિલ્લા લેવલે કંટ્રોલ રૂમ સ્થાપિત કરવા અને કોવિડ ડેડિકેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા કરવા સલાહ આપી છે.

પત્રમાં કહેવામાં આવ્યુ છે કે કોરોનાના કેસમાં તેજી આવી છે જેથી બની શકે છે કે આગળના સમયમાં હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મુશ્કેલીઓ આવી શકે. જેથી ફિલ્ડ લેવલે અસ્થાયી હોસ્પિટલ બનાવવામાં આવે સાથે જિલ્લા સ્તરે પણ સર્વેલન્સ સક્રિય કરવામાં આવે.રાજેશ ભૂષણ અને આઈસીએમઆરના પ્રમુખ બલરામ ભાર્ગવે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને અલગ અલગ જગ્યાઓ પર ૨૪ કલાક રેપિડ એન્ટીજન ટેસ્ટ બૂથ શરૂ કરવા નિર્દેશ આપ્યા હતા. સાથે જ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફનો સમાવેશ કરવો તથા સામાન્ય લક્ષણો ધરાવનાર વ્યક્તિને હોમ ટેસ્ટ કિટનો વપરાશ કરવા માટે પ્રોત્સાહિત કરવા જણાવ્યુ હતું.

### મોદીના ત્રિપુરા પ્રવાસ પહેલા બીએસએફ એલર્ટ

## ભારત-બાંગ્લાદેશ સરહદે સુરક્ષા અને પેટ્રોલિંગ વધારવામાં આવ્યું

અગરતલ્લા,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ જાન્યુઆરીએ ત્રિપુરાના પ્રવાસે જઈ રહ્યા છે. આ પ્રવાસને લઈને રાજ્યમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાજ્યમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા સઘન કરવામાં આવી છે. આ સિવાય બોર્ડર સિક્યુરિટી ફોર્સની વધારાની તૈનાતી પણ કરવામાં આવી છે.

વડાપ્રધાન તેમની મુલાકાત દરમિયાન એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદ્ઘાટન કરશે. આ દરમિયાન તેમની સાથે ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેવાના છે. પીએમ મોદી રાજધાની અગરતલામાં એક જનસભાને પણ સંબોધિત કરવાના છે.બીએસએફના ૧૨૦ બટાલિયન કમાન્ડન્ટ રત્નેશ કુમારે કહ્યું, જ્યારે પણ વીવીઆઈપી લોકો મુલાકાત લે છે, ત્યારે કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે તકેદારી વધારવામાં આવે છે. આ વિસ્તારોમાં પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

ભારતીય જનતા પાર્ટીના સૂત્રોએ એમ પણ જણાવ્યું કે વડાપ્રધાન અગરતલાના સ્વામી વિવેકાનંદ સ્ટેડિયમમાં જાહેર સભાને સંબોધશે. નવા ટર્મિનલ બિલ્ડીંગના ઉદ્ઘાટન સાથે, મહારાજા બીર બિક્રમ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની યાદીમાં જોડાવા માટે તૈયાર છે.

ત્રિપુરાના મુખ્યપ્રધાન બિપ્લબ દેવે માહિતી આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાજા બીર બિક્રમ એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરવા ૪ જાન્યુઆરીએ ત્રિપુરાની મુલાકાત લેશે. સીએમ દેવે કહ્યું કે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહેશે. નવી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગ રૂ. ૩,૪૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવી છે.

ત્રિપુરાના મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, મને વડાપ્રધાન કાર્યાલય તરફથી એક ફોન આવ્યો છે જેમાં વડાપ્રધાનની ત્રિપુરાની મુલાકાતની પુષ્ટિ અને મહારાજા બીર બિક્રમ એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડીંગના ઉદ્ઘાટનની પુષ્ટિ કરવામાં આવી છે, જે ઉત્તર પૂર્વમાં બીજા નંબરનું સૌથી વ્યસ્ત છે. આ સિવાય તે એ જ દિવસે વિવેકાનંદ મેદાનમાં એક રેલીને પણ સંબોધિત કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦ ચેક-ઈન કાઉન્ટરો સાથે, એનઆઈબીટી એક દિવસમાં આંતરરાષ્ટ્રીય મુસાફરો સહિત ૧,૨૦૦ મુસાફરોને હેન્ડલ કરી શકશે.

### કોંગ્રેસ શાસિત રાજ્યોની આશા વર્કર્સોને માનદેય વેતન યોગ્ય રીતે મળી રહ્યું નથી

## યુપીમાં સરકાર બનશે તો આશા વર્કર્સને ૧૦ હજાર માનદેય મળશે : પ્રિયંકા ગાંધી



લખનૌ,તા.૨

ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચુંટણી થનાર છે.રાજનીતિક પક્ષો તરફથી અનેક પ્રકારની વચનો આપવામાં આવી રહ્યાં છે.કોંગ્રેસે પણ યુપીમાં પોતાની પુરી તાકાત લગાવી દીધી છે. પ્રિયંકા ગાંધીએ ફિરોજાબાદ અને આગ્રામાં મહિલાઓની સભાઓને સંબોધિત કરી હતી.આ દરમિયાન મળવા આવેલ આશા કાર્યકર્તાઓથી તેમણે મોટું વચન આપ્યું તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનશે તો આશા કાર્યકર્તાઓને દર મહિને દસ હજાર રૂપિયા માનદેય આપવામાં આવશે આ ઉપરાંત અલગ અલગ કામો માટે મળનાર ઈસ્ટેટિવ પણ વધારવામાં આવશે

ઉત્તરપ્રદેશની આશા કાર્યકર્તાઓ માટે આ મોટું વચન છે.કારણ કે હાલ આશા કાર્યકર્તાઓનું માનદેય ફકત ૭૫૦ રૂપિયા પ્રતિ મહિના મળતું હતું .કેટલાક દિવસો પહેલા તેને વધારીને ૧૫૦૦ કરવામાં આવ્યું છે હવે અલગ અલગ ભથ્થા મળનારી પ્રોત્સાહન રકમને મળી એક આશા કાર્યકર્તાને લગભગ છ હજાર રૂપિયા પ્રતિ મહીને મળશે. જયારે અલગ અલગ ભથ્થામાં મળનારી પ્રોત્સાહન રકમને પણ બેગણુ કરી દેવામાં આવશે આ રીતે પ્રતિ મહીને આશા બહેનોને માનદેય લગભગ ૧૭થી ૧૮ હજાર રૂપિયા થઈ જશે.

ઉત્તરપ્રદેશમાં આશા કાર્યકર્તાઓની સંખ્યા લગભગ ૨.૧૦ લાખ છે તેમાં ૧.૫૬ લાખથી વધુ આશા કાર્યકર્તા ગ્રામીણ ક્ષેત્રોમાં તહેનાત છે જયારે ૬૦ હજારથી વધુ શહેરી વિસ્તારોમાં છે તેમના પરિવારના સભ્યોને પણ તેમાં સામેલ કરી લેવામાં આવે તો આ સંખ્યા લગભગ પાંચ લાખ થઈ જશે પ્રિયંકા ગાંધી ઉત્તરપ્રદેશની આશા કાર્યકર્તાઓ માટે દસ હજાર રૂપિયા પ્રતિ મહીને માનદેયનું વચન આપ્યું છે પરંતકુ પરંતુ આંકડા બતાવે છે કે કોંગ્રેસ શાસિત રાજયોમાં પણ સ્થિતિ પણ ઠીક નથી.પંજાબમાં આશા કાર્યકર્તાઓને ફકત કમીશન મળે છે એટલે કે જયારે આશા કાર્યકર્તા કોઇ ગર્ભવતી મહિલાને હોસ્પિટલ લઈ જાય તેને રસી લગાવતી હતી કે તેને ચેકઅપ કરવા જતી હતી ત્યારે તેને સરકાર તરફથી કેટલીક નિર્ધારિત રકમ આપવામાં આવશે. તાજેતરમાં મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ આશા કાર્યકર્તાઓને નવા વર્ષની ભેટ આપી હવે આશા વર્કરોને ૨૫૦૦ પ્રતિ મહીને માનદેય તરીકે આપવામાં આવશે

સૌથી ખરાબ સ્થિતિ રાજસ્થાનમાં છે અહીં એક આશા કાર્યકર્તાઓને તમામ ભથ્થા મળી પ્રતિ મહીને ફકત ૨૯૭૦ રૂપિયા મળે છે. જયારે એક વર્ષમાં બે વાર લીલી સાડી આપવામાં આવશે.જે છેલ્લા બે વર્ષથી હજુ મળી પણ નથી.અહીં પ્રતિ દિવસે આશા કાર્યકર્તાઓ અને સહયોગિનો પ્રતિદિવસે ૫૦ રૂપિયા યાત્રા ભથ્થુ મળતુ હતું તે બે દિવસ પહેલા તેને વધારી ૧૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યા હતાં. અહીં એક આશા કાર્યકર્તાને પ્રતિ મહીને લગભગ ચાર હજાર રૂપિયા મળશે. શરૂ કર્યું

## બિહારના નાલંદા મેડિકલ હોસ્પિટલના ૧૭ જુનિયર ડોકટરો કોરોના સંક્રિમત

પટણા,તા.૨

બિહારની રાજધાની પટનાની નાલંદા મેડિકલ કોલેજ હોસ્પિટલના ૧૭ જુનિયર ડોક્ટરો કોરોના પોઝિટિવ મળ્યા છે. શનિવારે હોસ્પિટલમાં ૭૫ જુનિયર ડોકટરોના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ ડોકટરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. એન્ટિજેન ટેસ્ટ કીટ દ્વારા પોઝિટિવ હોવાનું તબીબોએ તપાસ્યું હતું. આ અંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.વિનોદે જણાવ્યું હતું કે પોઝિટિવ આવતા તમામ તબીબોના સેમ્પલ આરટીપીસીઆર ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે પોઝિટિવ મળી આવેલા તમામ જુનિયર ડોક્ટરો પીજી અને ઈન્ટર્નશિપ કરવાના છે. આ તમામ ડોક્ટરો હોસ્પિટલના અલગ-અલગ વોર્ડમાં ફરજ બજાવતા હતા. ડો. વિનોદે જણાવ્યું કે કોરોના વોર્ડમાં એક જ દર્દી છે. પરંતુ અચાનક જ આટલી મોટી સંખ્યામાં ડોકટરો કોરોના પોઝિટિવ મળી આવતા એનએમસીએચમાં ખળભળાટ મચી ગયો છે.દેશમાં ફરી એકવાર જીવલેણ કોરોના વાયરસનાં સંક્રમણનાં કેસ ઝડપથી વધવા લાગ્યા છે. આ સાથે જ કોરોનાનાં સૌથી ખતરનાક વેરિઅન્ટ ઓમિક્રોનનાં કેસ પણ સામે આવવા લાગ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનાં ૨૭,૫૫૩ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે આ દરમ્યાન ૨૮૪ લોકોનાં મોત થયા છે. વળી, દેશમાં અત્યાર સુધીમાં કોરોનાનાં ઓમિક્રોન વેરિઅન્ટનાં ૧૫૨૫ કેસ નોંધાયા છે. દેશભરમાં કોરોનાનો કહેર વધતા લોકોમાં ફફડાટ પૈદા થઈ ગયો છે.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૭,૫૫૩ નવા કેસ નોંધાયા, ૨૮૪ દર્દીના મોત

નવીદિલ્હી,તા.૨

ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થયો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા રવિવારના રોજ જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૭,૫૫૩ નવા કેસ નોંધાયા છે અને ૨૮૪ લોકોના મોત થયા છે, જ્યારે ૯,૨૪૯ લોકો સાજા પણ થયા છે. નવા કેસ આવ્યા બાદ ભારતમાં કોરોનાના કુલ સક્રિય કેસ વધીને ૧,૨૨,૮૦૧ થઈ ગયા છે અને કોરોનાથી કુલ મૃત્યુઆંક ૪,૮૧,૭૭૦ થઈ ગયો છે, જ્યારે દેશમાં અત્યાર સુધીમાં ૧,૪૫,૪૪,૧૩,૦૦૫ લોકો કોરોનાની રસી આપવામાં આવી હતી. ઘણા રાજ્યોમાં ઘણી વસ્તુઓ પર નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા ઓમિક્રોનના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને સતર્ક રહેવા અને જરૂરી પગલાં લેવા જણાવ્યું છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણા સહિત ઘણા રાજ્યોમાં ઘણી વસ્તુઓ પર નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. કોરોના વાયરસનો અંત આવ્યો નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જણાવ્યું છે કે, ઓમિક્રોન વિશે ચિંતા કરવાની નહીં, સાવચેત રહેવાની જરૂર છે. તેમણે જાહેરાત કરી કે, ૩ જાન્યુઆરી, ૨૦૨૨થી ૧૫ થી ૧૮વર્ષના બાળકો માટે રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ૧૦ જાન્યુઆરીથી આરોગ્ય કર્મચારીઓ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના ગંભીર બીમારીથીપીડિત વૃદ્ધોને ડોકટર્સની સલાહ પર કોરોના રસીના સાવચેતી ડોઝ આપવામાં આવશે.

## ફિરોજપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનો કિસાનો વિરોધ કરશે

ફિરોજપુર,તા.૨

કિસાન મજદુર સંઘર્ષ કમિટિના મહામંત્રી સરવન સિંહ પંધેરે એક નિવેદન જારી કરી કહ્યું છે કે કિસાન ફિરોજપુરમાં પાંચ જાન્યુઆરીએ યોજાનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી થવા દેશે નહીં.તેમની પ્રદેશ સ્તરીય કમિટિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે મોદીની રેલીનો વિરોધ કરવામાં આવશે.વડાપ્રધાને ત્રણ કૃષિ બિલ તો રદ કરી દીધા છે પરંતુ એમએસપી ગેરંટી કાનુન બનાવવા ઉપરાંત અન્ય માંગોને હજુ પુરી કરી નથી તે માંગો પર કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી વડાપ્રધાન તેમની બાકીની માંગો પણ સ્વીકાર કરી લે ત્યારે ફિરોજપુરમાં રેલી કરે તેમને કોઈ વાંધો ન થી કિસાન નેતાઓએ પંજાબના તમામ કિસાનોને વડાપ્રધાનની રેલીનો વિરોધ કરવા માટે ફિરોજપુર પહોંચવા માટે અપીલ કરી છે.

પંધરે કહ્યું કે કિસાનોએ આંદોલન પાછું લીધો નથી સ્થગિત કર્યુ છે વડાપ્રધાન પંજાબમાં ચુંટણી પ્રચાર માટે ફિરોજપુરમાં મોટી રેલી કરવા પહોંચી રહ્યાં છે આ રેલી તે થવા દેશે નહીં. ડિસેમ્બર પુરો થઇ ગયો નવું વર્ષ આવી ગયું કેન્દ્ર સરકારે કિસાનોની બાકી માંગો પર કોઈ કાર્યવાહી શરૂ કરી નથી પંધરે કહ્યું કે એમએસપી ગેરંટી કાનુન બનાવવાની વાત કહી છે તેનાથી સમગ્ર દેશના કિસાનોને લાભ થશે આ ઉપરાંત દિલ્હીમાં નવજવાનો અને મજદુરો પર ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે તેને રદ કરવામાં આવે આ રીતે શહીદ કિસાનોને વળતર અને તેમના પરિવારજનોને નોકરી આપવામાં આવે.પ્રદુષણ એકટમાં પણ સુધારો કરવામાં આવ્યો નથી વિજળી સંશોધન બિલ પર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી લખીમપુર ખીરીની ઘટનાના આરોપીઓ પર કાર્યવાહી કરવામાં આવી નથી આરોપી પોતાના હોદ્દા પર વિરાજમાન છે.પંધેરે ફિરોજપુર,મોગા ફાઝિલ્કા તરનતારન કપુરથલા જાલંધર ફરીદકોટ અને પંજાબના કિસાનોને તૈયારીઓ કરી પાંચ જાન્યુઆરીએ ફિરોજપુર પહોંચવાની અપીલ કરી છે.

## તંત્રી સ્થાનેથી...

# પડકારો લઈને આવી રહેલું નવું વર્ષ

*આજથી નવા વર્ષ ૨૦૨૨માં પ્રવેશ કરતા ભારતે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ અને સમીકરણો અનુસાર નવી ઊર્જા અને રચનાત્મકતા સાથે આગળ વધવું પડશે. વિદેશ સંબંધ અને રાષ્ટ્રીય સુરક્ષાનું પરિદ્દશ્ય જોઇએ તો દેશ સામે કાંટાળો રસ્તો છે, જેને પરાક્રમ અને દક્ષતાથી જ પાર કરી શકાયછે. ૧લી જાન્યુઆરીથી જ ચીન નવો વિવાદાસ્પદ ભૂમિ સીમા કાયદો અમલમાં લાવી રહ્યું છે, જેને દિવંગત જનરલ બિપિન રાવતે ભારતનું 'દુશ્મન નં.૧લ્ગણાવ્યું હતું. તે અંતર્ગત ચીન એકપક્ષીય રીતે સરહદ પર રેખા આંકી શકે છે. આ કાયદાના અમલ માટે ચીની સેનાને સીમા પર પડોશી દેશોના 'આક્રમણ, ઘૂસણખોરી અને ઉશ્કેરણીલ્ વિરુદ્દ્ય આક્રમક કાર્યવાહી કરવાનો શાસનાદેશ મળ્યો છે. જ્યારે ચીને ગત ઓક્ટોબરમાં આ પહેલનું એલાન કર્યું તો ભારતે વાંધો અને ચિંતા વ્યક્ત કર્યા, પરંતુ રાષ્ટ્રપતિ જિનપિંગ દાદાગીરીના રસ્તે ચાલી નીકળ્યા છે. તેઓ ભારતને આ કાયદાની આડમાં પરેશાન કરવાની દાનત ધરાવે છે.*

*વાસ્તવિક નિયંત્રણ રેખાના પશ્ચિમી ક્ષેત્રમાં માર્ચ ૨૦૨૦માં ચીને જે એકતરફી ઉલ્લંઘન કર્યા હતા, તે સંકટનું હજુ સુધી સંપૂર્ણ સમાધાન નથી થઈ શક્યું તો તેનું કારણ જિનપિંગની ધીટતા અને વર્ચસ્વવાદી માનસિકતા જ છે. આર્થિક અને સૈન્ય શક્તિમાં ભારતતી લગભગ પાંચ ગણા મોટા હોવાનું ઘમંડ અને ભારતને ચીનના એશિયામાં નાયકત્વના માર્ગ પર મુખ્ય અડચણ માનવાની માનસિકતા જિનપિંગના પાછળ હટવા અને સ્થિતિને સામાન્ય બનાવવાથી રોકી રહી છે. બંને દેશો વચ્ચે શક્તિ અસંતુલન થોડાં વર્ષમાં ઓછું નહીં થઈ શકે તેથી ભારતે લઘુથી મધ્ય અવધિમાં સૈન્ય સાધનો એકત્ર કરવાં પડશે. તેના માટે ફેબ્રુઆરીમાં આવનારા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ માટે વધુ ફાળવણી કરવી પડશે. ગયા વર્ષે ભારતનું રક્ષા બજેટ ૪૯.૬ અબજ ડોલર હતું, જેમાં હથિયારોની ખરીદી માટે ફક્ત ૧૮.૪૮ અબજ ડોલર નક્કી હતા. તેની તુલનામાં ચીને પોતાનું રક્ષા બજેટ ૨૦૯ અબજ ડોલર મૂક્યું. એમ તો ભારતમાં કેટલીય આંતરિક સમસ્યાઓ છે અને લોકતાંત્રિક દેશોમાં સરકારો ઘરેલુ જરૂરિયાતોને જ પ્રાથમિકતા આપે છે, પરંતુ ચીનના દબાણકારી ઇરાદાઓને નિષ્ફળ બનાવવા હશે તો ભારતે રક્ષા ખર્ચમાં વધારો કરવો જ પડશે.*

*હાલમાં ભારત સકલ ઘરેલુ ઉત્પાદનના ૨.૮૮ ટકા જ રક્ષા પર ખર્ચ કરી રહ્યું છે. નવા વર્ષમાં અને આગામી કેટલાય વર્ષ સુધી આપણે તેને વધારીને સરેરાશ ત્રણ ટકા કરવું જોઇએ, જેથી ચીનની હિમાલયની પહાડીઓમાં અને હિંદ-પ્રશાંતના સમુદ્રી વિસ્તારોમાં ભારત દમદાર પ્રતિસ્પર્ધા કરી શકે. જ્યારે પ્રતિદ્વંદ્વી અનૈતિક હોય તો તેની સાથે એ જ રીતે વ્યવહાર કરવો પડે. કહેવાયું છે કે લાતોના ભૂત વાતોથી નથી માનતા. ભારત ક્યારેય નથી ઇચ્છતું કે ચીન સાથે યુદ્દ્ય થાય. ચીન શક્તિનો જ આદર કરે છે, એવામાં આપણે શક્તિ પ્રદર્શન કરીને અને દ્દઢતા દેખાડીને જ તેને પાછું ધકેલી શકીએ છીએ. વડાપ્રધાન મોદી દેશના વિભિન્ન ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનાવવાનું કામ કરી રહ્યા છે. દેશને રક્ષા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે તેઓ જે નીતિગત સુધાર કરી રહ્યા છે તેને ઝડપી બનાવવાની જરૂર છે, પરંતુ ફક્ત આત્મોન્નતિથી જ બેડો પાર નથી થવાનો. ભારત જેટલું પણ સૈન્ય સશક્તિકરણ પર જોર લગાવે, તે ચીનના મુકાબલે કંઇક અવધિ સુધી ઓછું જ રહેશે.*

*આ અંતરને ઘટાડવામાં કૂટનીતિ કામ આવશે. વર્ષ ૨૦૨૨માં ભારતને અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે 'ક્વોડલ્ સમૂહની ગતિવિધિઓને સ્થાયીત્વ આપવા તરફ લઈ જવી જોઇએ. ફ્રાન્સ અને અન્ય યુરોપી દેશોની ઇચ્છા હિંદ-પ્રશાંતમાં હાજર રહેવાની છે. ભારત તેમની આ ચાહતને કેવી રીતે પૂરી કરે, એના પર મોદી સરકાર રણનીતિ બનાવી રહી છે. કેન્દ્ર સરકારે તેને જલ્દી લાગુ કરવી જોઇએ. ત્યાં જ રશિયા-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને પણ વધુ ઘનિષ્ઠ બનાવવામાં આવી રહી છે, જેથી ચીન પર લગામ લગાવવામાં આપણે ફક્ત પશ્ચિમી દેશોનો જ સહારો ન લેવો પડે. જેટલી સૂઝબૂઝથી ભારત રશિયાને પોતાની નજીક રાખશે, ચીન એટલું જ ગભરાશે અને ભારત પર દબાણ નાખવામાં અસમર્થ રહેશે.*

# હરિયાણામાં શાળા, કોલેજ, થિયેટર પર તાળાં, બજારો ૫ વાગે જ બંધ

ચંડીગઢ,તા.૨

દેશમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. કેન્દ્ર સરકાર પણ વધતા કેસને પગલે ચિંતિત થઈ છે. કોરોનાના કેસ કાબૂમાં લેવા રાજ્યોને એડવાઈઝરી જાહેર કરી છે.તો આ તરફ હરિયાણા સરકારે કોરોનાને નાથવા સખત વલણ અપનાવ્યુ છે. હરિયાણા સરકાર દ્વારા ૫ જિલ્લાઓમાં પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. ગુરૂગ્રામ, સોનીપત, ફરિદાબાદ, અંબાલા, પંચકુલામાં હરિયાણા સરકારે પ્રતિબંધ જાહેર કર્યા છે. હરિયાણાના આ ૫ જિલ્લાઓમાં શાળા, કોલેજ અને થિયેટરો બંધ કરવામાં આવ્યા છે.

કોરોનાનો કહેર વધતા હરિયાણા સરકારે ઑફિસોમાં ૫૦ ટકા સાથે કામ કરવાની મંજૂરી આપી છે. તો લગ્ન પ્રસંગોમાં માત્ર ૧૦૦ લોકોને મંજૂરી આપવામાં આવી છે..જ્યારે અંતિમક્રિયામાં ૫૦ લોકોને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ૫ જિલ્લામાં બજારો સાંજે ૫ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. બાર રેસ્ટોરન્ટ ૫૦ ટકા સિટીંગ કેપેસિટી સાથે ચાલુ રાખી શકાશે. બસ અને રેલવે સ્ટેશને વેક્સિનના બંને ડોઝ લેનારાને પ્રવેશ મળશે. જ્યારે ઓટો રિક્ષામાં પણ વેક્સિનના બંને ડોઝ લેનારા જ યાત્રા કરી શકશે.

હરિયાણાના આ પાંચેય જિલ્લાઓમાં એન્ટરટેઇનમેન્ટ પાર્ક લોકો માટે સદ્દતંર બંધ કરવામાં આવ્યા છે. જ્યારે સ્વિમિંગપુલ માત્ર ટ્રેનિંગ લેનારા માટે જ ખુલ્લા રહેશે. આ ઉપરાંત કોરોનાની ગાઇડલાઇનનું પાલન કરવુ આવશ્યક રહેશે. સામાજિક અંતર જાળવવુ તથા માસ્ક પહેરવુ. જો નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો રૂ.૫૦૦નો દંડ કરવામાં આવશે. તેમજ સંસ્થાઓ પણ જો નિયમોનું પાલન નહી કરે તો હરિયાણા સરકાર દ્વારા રૂ.૫ હજારનો દંડ ફટકારવામાં આવશે.

# બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારનો પુત્ર નિશાંત પિતા કરતાં પાંચ ગણો અમીર

પટણા,તા.૨

શું તમે જાણો છો કે બિહારના ૬ વખતના મુખ્યમંત્રી નીતિશ કુમાર કરતા પણ તેમનો પુત્ર નિશાંત વધુ અમીર છે! સમાચાર અનુસાર, બિહારના સીએમ નીતિશ કુમારનો પુત્ર નિશાંત પિતા કરતા પાંચ ગણો અમીર છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પાસે ૭૫.૩૬ લાખ રૂપિયાની જંગમ અને સ્થાવર સંપત્તિ છે, જ્યારે તેમનો પુત્ર નિશાંત તેમના કરતા લગભગ પાંચ ગણો અમીર છે. નીતીશ કુમાર પાસે રૂ. ૨૯,૩૮૫ રોકડ અને આશરે રૂ. ૪૨,૭૬૩ બેંક થાપણોમાં છે, જ્યારે તેમના પુત્ર નિશાંત પાસે રૂ. ૧૬,૫૪૯ રોકડ અને ફિક્સ ડિપોઝીટ છે, એમ મુખ્ય પ્રધાન અને તેમના કેબિનેટ સાથીઓની સંપત્તિની વિગતો ૩૧ ડિસેમ્બરે બિહાર સરકારની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી હતી. ૧.૨૮ કરોડ થાપણો અથવા વિવિધ બેંકોમાં જમા. બિહારના સીએમ નીતિશ કુમાર પાસે ૧૬.૫૧ લાખ રૂપિયાની જંગમ સંપત્તિ છે જ્યારે તેમની કુલ સ્થાવર સંપત્તિ ૫૮.૮૫ લાખ રૂપિયા છે. તેમના પુત્ર પાસે ૧.૬૩ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ છે અને તેમની સ્થાવર સંપત્તિ લગભગ ૧.૯૮ કરોડ રૂપિયાની છે.

નીતિશ કુમાર પાસે દ્વારકા, નવી દિલ્હીમાં સહકારી હાઉસિંગ સોસાયટીમાં રહેણાંક ફ્લેટ છે, જ્યારે તેમના પુત્ર પાસે કલ્યાણ બિઘા અને હકીકતપુર (બંને નાલંદા જિલ્લામાં) અને પટનામાં કંકરબાગમાં ખેતીની જમીન અને રહેણાંક મકાનો છે. જાહેરાત મુજબ, નિશાંત પાસે તેના વતન ગામ કલ્યાણ બિઘામાં ખેતીની જમીન છે. ગામમાં તેમની પાસે બિનખેતીની જમીન પણ છે. મુખ્યમંત્રીએ એવી પણ જાહેરાત કરી છે કે તેમની પાસે ૧.૪૫ લાખની કિંમતની ૧૩ ગાય અને નવ વાછરડા છે.

નીતીશ કુમાર સરકારે તમામ કેબિનેટ મંત્રીઓ માટે દરેક કેલેન્ડર વર્ષના અંતિમ દિવસે તેમની સંપત્તિ અને જવાબદારીઓ જાહેર કરવાનું ફરજિયાત બનાવ્યા બાદ આ માહિતી સામે આવી છે. બિહારના બંને નાયબ મુખ્ય પ્રધાનો તારકિશોર પ્રસાદ અને રેણુ દેવીએ પણ તેમની સંપત્તિ અને જવાબદારીઓની વિગતો જાહેર કરી છે.

રસપ્રદ વાત એ છે કે નીતીશ કુમારના કેબિનેટ સાથીદારો પણ મુખ્યમંત્રી કરતા વધુ અમીર છે. વિકાસ ઈન્સાન પાર્ટીના સ્થાપક મુકેશ સાહની તેમની કેબિનેટના સૌથી ધનિક મંત્રીઓની યાદીમાં આવે છે.વીઆઈપી બિહારમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકારનો ભાગ છે.

# તારી આંખનો અફીણી

દિલીપ ધોળકિયા



અમુક વિરલ પ્રતિભા એવી હોય છે કે જે કોઈ એક દિવસની યાદનાં મહોતાજ નથી હોતાં. એમણે કરેલાં પ્રદાન બદલ તો સાદર વંદન સહ આજીવન યાદ કરવા જ ઘટે. એવી જ એક વિરલ પ્રતિભાની આજે પુણ્યતિથિ છે જેમનું નામ છે શ્રી દિલીપ ધોળકિયા.

ગુજરાતી ભાષામાં તેમણે અનેક સ્વરાંકનો આપ્યા તેમજ ગાયક તરીકે સફળતા મેળવી. ફક્ત એક જ ગીતને કર્ણપ્રિય સંગીતથી મઢી ગીતનાં રચયિતા અને સંગીતકાર બંન્ને ગીતનાં માધ્યમથી ઓળખનો પર્યાય બની ગયા હોય તે ગીત એટલે..તારી આંખનો અફીણી..તારાં બોલનો બંધાણી..તારા રૂપની પૂનમનો પાગલ એકલો. ગુજરાતી સુગમ સંગીતનું ગીત મણિયારા શ્રી વેણિભાઈ પુરોહિતની કલમમાંથી નીકળી શ્રી દિલીપ ધોળકિયાનાં સંગીતથી મઢાયું અને અમર થઈ ગયું.

શ્રી દિલીપ ધોળકિયા એટલે "રંગ નગરનો રસીયો નાગર". ગુજરાતી ગીત-સંગીત જગતનું ખૂબ જ આદરપાત્ર અને દિગ્ગજ નામ..!! શ્રી દિલિપ ધોળકિયા, જેઓ ડી. દિલિપ અથવા દિલિપ રોય તરીકે હિન્દી ચલચિત્રોમાં જાણીતા હતાં અને ભારતીય સંગીત રચયિતા અને ગાયક હતા. તેમનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૨૧નાં રોજ જુનાગઢમાં થયો હતો. તેમના કુટુંબને કારણે સંગીત સાથે તેમનો પરિચય શરૂઆતનાં વર્ષોમાં જ થઇ ગયો.

તેમની કારકિર્દીની શરૂઆત ગાયક તરીકે કર્યા બાદ, તેમણે ૧૯૬૦ અને ૧૯૭૦નાં દાયકામાં બોલીવુડ અને ગુજરાતી સિનેમામાં સંગીત નિર્માણનું કામ કર્યું. તેમણે ૮ હિન્દી ચલચિત્રોનું અને ૧૧ ગુજરાતી ચલચિત્રોનું સંગીત નિર્માણ કર્યું હતું. તેઓ જ્યારે ૭ વર્ષનાં હતા, ત્યારે તેઓ તેમના પિતા ભોગીલાલ અને દાદા મણીશંકર ધોળકિયાને જુનાગઢમાં સ્વામીનારાયણ મંદિરમાં ભજન ગાવામાં અને સંગીતવાદ્યો વગાડવામાં સાથ આપતા હતા. તેમનું શિક્ષણ બહાદુર ખાનજી માધ્યમિક શાળા અને બહાઉદ્દીન કોલેજમાં થયું.

શરૂઆતમાં તેમણે કારકૂન અને ખાતાં લખનાર તરીકે બોમ્બે સ્ટેટનાં ગૃહ વિભાગમાં બે વર્ષ કામ કર્યું. તેમણે આકાશવાણીનાં કાર્યાલયની ઈમારતમાં જ કામ કર્યું હતું એ પછીથી તેઓ આકાશવાણી દ્વારા કલાકાર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. દૂરદર્શનની શ્રેણી 'સરસ્વતીચન્દ્ર'નાં ૨૧ ગીતોની સ્વર રચના કરી છે.

૧૯૪૨માં મુંબઇ આવ્યા પછી સંગીતની કારકિર્દી મુંબઈમાં શરૂ થઇ. શ્રી અવિનાશ વ્યાસનાં સહાયક રમેશ દેસાઇ અને આશિત દેસાઇનાં કાકા અને વાયોલિનવાદક બીપીન દેસાઇ સાથે એમની ઓળખાણ થઇ. તેમણે શ્રી દિલીપભાઇનો અવાજ સારો હોઈ પદ્ધતિસરની તાલીમ લેવાની સલાહ આપી એટલે શાસ્ત્રીય સંગીતની તાલીમ તેમણે પાંડુરંગ આંબેરકર પાસે મેળવી, જેઓ અમાનત અલી ખાનનાં શિષ્ય હતા.

દરમિયાન, ગુજરાતનાં શિવકુમાર શુક્લનાં ગુરુભાઇ પાસે તાલીમ લીધા બાદ સાંતાક્રૂઝ મ્યુઝિક સર્કલનાં શાસ્ત્રીય સંગીતનાં કાર્યક્રમો ખાસ સાંભળતા. શરૂઆતનાં સંઘર્ષ બાદ ફિલ્મ લાઇનમાં કામ મળ્યું. 'પ્રાઇવેટ સેક્રેટરી' સહિત કેટલીય હિન્દી ફિલ્મોમાં તેમના ગીતો લોકપ્રિય નિવડ્યા હતા. જેમ કે, જારે બેઇમાન, જા જા રે ચંદા, ઓ સાંવરે. લતા મંગેશકરની લંડનના આલ્બર્ટ હોલમાં ગવાયેલા ફિલ્મી ગીતોની એલ.પી.માં દિલીપભાઇએ સ્વરબધ્ધ કરેલું એક માત્ર ગુજરાતી ગીત લેવાયું હતું રૂપલે મઢી છે સારી રાત.

હિન્દી ચલચિત્ર કિસ્મતવાલા (૧૯૪૪)માં ગીત ગાવા માટે તેમને ખેમચંદ પ્રકાશનાં ભાઇ રતનલાલ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. તેમણે આ ફિલ્મ માટે ત્રણ ગીતો ગાયા, 'ગોરી ચલો ના સિના ઉભારકે..' અને 'દેખો હમસે ના આંખે લડાયા કરો..'. તેમણે ભંવરા (૧૯૪૪) માટે સમૂહ ગીત 'ઠુકરા રહી હૈ દુનિયા' ગાયું હતું. ૧૯૪૬માં તેમણે 'દુખ કી ઇસ નગરી મેં બાબા કોઇ ના પૂછે બાત' લાજ માટે ગાયું.

ઉંઝ્ફ સ્ટુડિઓમાં તેમનો પરિચય સ્નેહલ ભાટકર સાથે થયો જેમણે વેણીભાઇ પુરોહિત દ્વારા રચિત ગીતોનાં સંગ્રહો રજૂ કરવામાં મદદ કરી હતી. આ સંગ્રહો ભીત ફાડી ને પીપળો ઉગ્યો અને આધા તેલ ઓર આધા પાની હતાં. ૧૯૪૮માં, શ્રી અવિનાશ વ્યાસે તેમને બે યુગ્મ ગીતો સતિ સોન ચલચિત્ર માટે આપ્યા.

પછીથી તેમણે ચિત્રગુપ્તનાં સહાયક તરીકે કામ કર્યું અને ભક્ત પુંડલિકમાં ગીત ગાયા હતાં. તેમણે તેમની સાથે ૧૯૫૧થી ૧૯૭૨ સુધી કામ કર્યું અને અનેક ફિલ્મોમાં યોગદાન આપ્યું; ઇન્સાફ, કિસ્મત, જિંદગી કે મેલે, ભાભી, કાલી ટોપી લાલ રૂમાલ. તેમણે એસ. એન. ત્રિપાઠીનાં સહાયક તરીકે પણ કામ કર્યું હતું.

ત્યાર પછી તેમણે સ્વતંત્ર રીતે હિન્દી અને ગુજરાતી ચલચિત્રોમાં ગીત-સંગીત આપવાનું શરૂ કર્યું અને ડી. દિલિપ નામ નવી ઓળખ તરીકે અપનાવ્યું. કારણ ? તેઓ ઓલ ઇંડિયા રેડિયો પર ગાતા હતા ત્યારે આગાજાન નામનો એક એનાઉન્સર તેમનો ઉલ્લેખ હંમેશાં દિલીપ ધકિયા તરીકે કરતો હતો. નામનો આવો ગોટાળો ટાળવા (રામચંદ્ર ચિતલકર સી.રામચંદ્ર બન્યા એ પરંપરા મુજબ) દિલીપ ધોળકિયા ડી.દિલીપ બન્યા. તેમણે ઘણા હિન્દી ચલચિત્રોમાં સંગીત આપ્યું; ભક્તમહિમા (૧૯૬૦), સૌગંધ (૧૯૬૧), બગદાદ કી રાતે (૧૯૬૨), તીન ઉસ્તાદ (૧૯૬૧) અને પ્રાઇવેટ સેક્રેટરી (૧૯૬૨), દગાબાઝ (૧૯૭૦), વીર ઘટોત્કચ (૧૯૭૦) અને મા વૈષ્ણવી દેવી. કેટલાક ચલચિત્રોમાં તેઓ દિલિપ રોય તરીકે ઓળખાયા. તેમણે ડાકુ રાણી ગંગા (૧૯૭૭) નામના ભોજપુરી ચલચિત્રમાં પણ સંગીત આપ્યું હતું.

તેમણે ૧૯૬૩માં સત્યવાન સાવિત્રી સહિત ૧૧ ગુજરાતી ચલચિત્રોમાં સંગીત આપ્યું હતું. બીજા ગુજરાતી ચલચિત્રોમાં દિવાદાંડી, મોટા ઘરની દિકરી, કંકુ (૧૯૬૯), સત ના પારખે, સ્નેહબંધન અને જાલમ સંગ જાડેજા નો સમાવેશ થાય છે. તેમણે ઘણાં લોકપ્રિય ગુજરાતી ચલચિત્રના ગીતોનું સંગીત આપ્યું હતું જેવાં કે સ્નેહબંધનમાં બરકત વિરાણી 'બેફામ' દ્વારા લખેલ અને મહંમદ રફી દ્વારા ગવાયેલ ગઝલ 'મિલન ના દિપક સહુ બુઝાઇ ગયા છે...', જાલમ સંગ જાડેજામાં 'બેફામ' દ્વારા લખાયેલ અને ભુપિન્દર દ્વારા ગવાયેલ 'એકલાજ આવ્યા મનવાપ'.

તેમણે વેણીભાઈ પુરોહિત દ્વારા લખેલ અને અજિત મર્ચન્ટ દ્વારા સંગીતબદ્ધ કરેલ 'તારો આંખનો અફીણી' દિવાદાંડી (૧૯૫૦) ગાયું હતું જે અત્યંત જાણીતું બન્યું હતું અને હજી પણ સમગ્ર ગુજરાતમાં લોકપ્રિય છે. તેમના અન્ય લોકપ્રિય ગુજરાતી ગીતો 'મને અંધારા બોલાવે', અને 'પગલુ પગલામાં અટવાયું,' 'સાથિયા પુરાવો દ્વારે', 'ઘનન ઘતુડી પટુડી', 'બોલે મિલનનો મોર' પણ પ્રચલિત છે.

તેમણે લક્ષ્મીકાંત-પ્યારેલાલનાં સહાયક તરીકે ૧૯૭૨થી ૧૯૮૮ સુધી કામ કર્યું. તેમણે તેમનું છેલ્લું ગીત ૧૫ ફેબ્રુઆરી ૧૯૮૮નાં રોજ રેકોર્ડ કર્યું હતું. તેમણે હૃદયનાથ મંગેશકર સાથે મીરાં ભજન (ભાગ-૧), ભગવદ્ ગીતા, જ્ઞાનેશ્વરી ગીતા, ગાલીબનાં ઉર્દૂ ગઝલ સંગ્રહ વગેરે માટે સંગીત આપ્યું.

તેમણે લતા મંગેશકર, આશા ભોંસલે, કિશોરી અમોનકરનાં ગીત સંગ્રહો ઉંઝ્ફ માટે સંગીતબદ્ધ કર્યા હતા. તેમણે નિષ્કુળાનંદ સ્વામી દ્વારા લિખિત ચૌસંથપદીનું સંગીત આપ્યું હતું. હિન્દી ફિલ્મ સંગીત ક્ષેત્રે ચિત્રગુપ્ત અને એસ.એન.ત્રિપાઠીનાં સહાયક તરીકે એમણે ખૂબ કામ કર્યું છે. સુગમ સંગીત ક્ષેત્રે ફિલ્મ સંગીતનાં પ્રમાણમાં કદાચ થોડું ઓછું કામ કર્યું હશે, પણ જેટલું કર્યું છે તેની સાદર નોંધ લેવી જ પડે.

એમને ગુજરાત રાજયનો ગૌરવ પુરસ્કાર અને સુગમ સંગીત ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. ૧૯૮૫માં લંડનમાં યોજાયેલ ભારત મહોત્સવમાં સંગીતકાર તરીકે ભાગ લીધો હતો અને ગુજરાતી ફિલ્મોની પરિક્ષણ સમિતિનાં સભ્ય પણ રહી ચૂક્યા છે.

ગુજરાતીઓની આંખમાં અફીણી બનીને વસતા અને બોલમાં બંધાણી બનીને બોલતાં અફીણીયા શ્રી દિલીપભાઈ ધોળકીયા જે એક રજકણ બની સૂરજ થવાને શમણે ઉગમણે જઈ ઊડેલા એ આજ રોજ ૨ જાન્યુઆરી, ૨૦૧૧નાં રોજ આથમણે જઈ ઢળી પડયા. પરમ આદરણીય એવા શ્રી દિલીપ ધોળકીયાનાં જવાથી ગુજરાતી સુગમ સંગીત રાંક બન્યું જાણે કે ગુજરાતી સુગમ સંગીતની દુનિયાનો "ઘેઘુર વડલો" પડી ગયો હોય. એમના સ્વરાંકનો અને અને એમના સ્વરમઢ્યા ગીતો થકી તેઓ હંમેશા આપણી વચ્ચે રહેશે.

ગુજરાતી સંગીત જગત એમના અનન્ય પ્રદાન બદલ આજીવન ઋણી રહેશે. શ્રી દિલીપ ધોળકિયા એટલે એવો ઝળહળતો તારલો કે જે ગુજરાતી સંગીતાકાશમાં સદાય ચમકતો જ રહેશે. એમની પુણ્યતિથિ નિમિત્તે ગુજરાતી સુગમ સંગીતને અપ્રતિમ ચાહનાર એવા ઉમદા માનવી શ્રી દિલીપ ધોળકિયાને સાદર વંદન..!!

- વૈભવી જોશી

(સૌજન્ય : એમના સંગીત સર્જનની વર્ષ અનુસાર માહિતી સુરેશભાઈ જાનીનાં બ્લોગમાંથી આભાર સહ)

# દેશમાં ઓમિક્રોન અને કોરોનાના વધતા કેસ જોતા બંગાળમાં સ્કુલ-કોલેજ, પાર્ક બંધ

ન્યુદિલ્હી, તા.૦૨

વધતા કોરોનાના સંક્રમણને પગલે બંગાળ સરકારે ૩ જાન્યુઆરીથી મોટા ભાગની સંસ્થાઓને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. જેમાંથી સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટી, સ્પા, સલૂન, બ્યૂટીપાર્લર, પ્રાણી સંગ્રહાલય, એન્ટરટેઈનમેન્ટ પાર્ક સામેલ છે. બંગાળના મુખ્ય સચિવ એચકે દ્વિવેદીએ જણાવ્યું કે રાજ્યની તમામ સરકારી અને ખાનગી ઓફિસ ૫૦% ક્ષમતાની સાથે ખુલ્લા રહેશે. તમામ પ્રશાસનિક બેઠક વર્ચ્યુઅલી મળશે. કર્ણાટકમાં શનિવારે કોરોનાના ૧,૦૩૩ કેસ નોંધાયા છે. આ મામલો છેલ્લાં ૧૦૭ દિવસોમાં સૌથી વધુ છે. છેલ્લી વખત રાજ્યમાં આ પ્રકારની સ્થિતિ ૧૬ સપ્ટેમ્બરે જોવા મળી હતી, જ્યારે અહીં કોરોનાના ૧૦૦૦થી વધુ કેસ મળી આવ્યા હતા. તો બેંગલુરુમાં ૮૧૦ નવા કેસ મળ્યા છે, જે રાજ્યના કુલ નવા મામલાઓના ૭૮% છે. બેંગલુરુમાં ૬ મહિના પછી આટલાં કેસ મળી આવ્યા છે. ગત વખતે ૩૦ જૂને શહેરમાં ૨૧૩ કોરોનાના કેસ મળ્યા હતા.તેલંગાણા સરકારે તમામ પ્રકારની રેલીઓ, જાહેર મેળાવડા અને સામૂહિક મેળાવડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેર સ્થળોએ માસ્ક ન પહેરવા બદલ રૂ. ૧૦૦૦ના દંડનો કડક અમલ કરવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

હરિયાણા સરકારે વધતાં કોરોનાના કહેરને ધ્યાનમાં રાખીને ગુરુગ્રામ, ફરીદાબાદ, અંબાલા, પંચકુલા અને સોનીપતમાં સિનેમા હોલ, થિયેટર, શાળા, કોલેજ, જીમ વગેરે બંધ કરવાનાં આદેશ આપ્યા છે. સરકારી અને ખાનગી કચેરીઓ ૫૦% કર્મચારીઓની હાજરીમાં કામ કરશે. આ પ્રતિબંધ ૧૨ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે. કર્ણાટકનાં મંત્રી બીસી નાગેશ કોરોના પોઝિટિવ થયા છે. શનિવારે આ અંગેની જાણકારી તેમણે પોતે જ જણાવી હતી. નાગેશે કહ્યું કે હું પોતે આઈસોલેટ થઈ ગયો છું અને તમામ સાવચેતી સાથે દવાઓ લઈ રહ્યો છું. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૭,૪૪૩ કોરોના પોઝિટિવ જોવા મળ્યા, ૨૮૨ લોકોના મોત; ઓમિક્રોનમાં ૧૫૯૬ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૭,૪૪૩ પોઝિટિવ કેસ નોંધાયા છે.

આજે ૨૮૨ લોકોના મોત થયા છે, જ્યારે ૯૧૧૦ લોકો સાજા થયા છે. શનિવારે મોડી રાત સુધી એક્ટિવ દર્દીઓની સંખ્યા ૧૮૦૫૧ હતી. ૯૪ નવા ઓમિક્રોન સંક્રમિત સાથે, દેશમાં નવા વેરિયન્ટના દર્દીઓની સંખ્યા શનિવારે વધીને ૧૫૯૬ થઈ ગઈ છે. તેમાંથી ૫૭૬ ઓમિક્રોન દર્દીઓ સાજા થયા છે, જ્યારે ૧૦૨૦ સક્રિય કેસ છે. દિલ્હીના CM અરવિંદ કેજરીવાલે કહ્યું કે લોકોને કોરોનાથી ડરવાની જરૂરિયાત નથી. અહીં કોરોનાના દરરોજ ૨,૫૦૦થી ૩૦૦૦ કેસ સામે આવી રહ્યાં છે. કોરોનાથી જે લોકો બીમાર પડી રહ્યાં છે, તેમાથી ઘણાં ઓછા લોકોને હોસ્પિટલ જવાની જરૂરિયાત પડી રહી છે, તેની સંખ્યા ઘણી જ ઓછી છે. કેજરીવાલે જણાવ્યું કે રાજધાનીમાં ૯૯.૭૮% ઓક્સિજન બેડ હજુ પણ ખાલી છે.

સરકારે ૩૭,૦૦૦ ઓક્સિજન બેડની વ્યવસ્થા કરી છે, જેમાંથી માત્ર ૮૨ બેડ પર જ દર્દીઓ છે. દિલ્હીમાં હાલ કોરોનાના એક્ટિવ કેસ ૬,૩૬૦ છે. ઉત્તરાખંડના નૈનિતાલ જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલયમાં ૮૫ બાળકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. બાળકોને ગંગરકોટ વિસ્તારમાં સ્થિત સ્કૂલમાં જ ક્વોરન્ટાઇનમાં કરવામાં આવ્યા છે. નૈનિતાલના ડેપ્યુટી કલેક્ટર રાહુલ શાહે કહ્યું કે જે બાળકો RT-PCR ટેસ્ટમાં નેગેટિવ આવશે તેમને જ ઘરે મોકલવામાં આવશે.

# કોલોરાડોમાં આગના તાંડવ વચ્ચે લોકોએ કરી નવા વર્ષની ઉજવણી

અમેરિકા,તા.૦૨

કોલોરાડોના જંગલમાં આગ લાગી હતી. ૬.૫ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલી જંગલની આગને કારણે વિસ્તારના ઘણા ભાગો ધુમાડાથી ભરાઈ ગયા હતા અને આકાશમાં આગની જવાળાઓ જોવા મળી હતી. અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને ક્યારે બચાવકર્તા અસરગ્રસ્ત વિસ્તારમાં જઈને ફસાયેલા લોકોને બચાવવા અને નુકસાનનું મૂલ્યાંકન કરી શકે છે તે જોઈ રહ્યા છે. આ વિસ્તારમાં હિમવર્ષાના કારણે બચાવકર્તાઓને આશા છે કે આગ પર કાબૂ મેળવવામાં મદદ મળે તેવી શક્યતા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને (ત્ની મ્ર્દ્ગીહ) પરિસ્થિતિને આપત્તિ જાહેર કરી છે અને નિષ્ણાતોને ચેતવણી આપી છે કે આબોહવા કટોકટી અને ઉપનગરીય વિસ્તારના વિસ્તરણને કારણે વિનાશમાં વધારો થયો છે. સેંકડો



રહેવાસીઓને આશા હતી કે, ૨૦૨૨ રાહત લાવશે, પરંતુ તેઓએ તેમના બળી ગયેલા ઘરોમાં નવા વર્ષનું સ્વાગત કરવું પડ્યું. આગને કારણે ઘર છોડવા મજબૂર થયેલા લોકો શુક્રવારે પોતાના ઘરે પરત ફરવા લાગ્યા હતા. યુ.એસ.માં, કોલોરાડો રાજ્યના જંગલમાં લાગેલી આગને કારણે લગભગ એક હજાર ઘર બળીને ખાખ થઈ ગયા હતા અને ત્રણ લોકો લાપતા છે.

બોલ્ડર કાઉન્ટી શેરિફ જો પેલેએ શનિવારે જણાવ્યું હતું કે, અધિકારીઓ આગ શા કારણે લાગી તેની તપાસ કરી રહ્યા છે. ગુરુવારે લાગેલી આગ (Fire)ને કારણે ડેનવર અને બોલ્ડર શહેરો વચ્ચેના વિસ્તારોમાં ધુમાડો જોવા મળ્યો હતો અને આકાશમાં આગની જવાળાઓ જોવા મળી હતી. જો પેલેએ કહ્યું કે, જ્યાં આગ લાગી હતી ત્યાં એક પણ વીજ લાઈન પડતી જોવા મળી નથી. કાઉન્ટીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ડાઉનટાઉન સુપિરિયરથી પશ્ચિમમાં લગભગ ૩.૨ કિલોમીટર દૂર ઘાસના મેદાનમાંથી આગ ફેલાઈ હતી કે કેમ તે જાણવા માટે તપાસ ચાલી રહી છે. આસપાસના વિસ્તારોને કોર્ડન કરી લેવામાં આવ્યા છે. અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે, શુક્રવાર સુધીમાં ૫૦૦ થી વધુ ઘર આગથી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયા છે. આગની તીવ્રતાને જોતા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસી જવા માટે કહેવામાં આવ્યું છે. બોલ્ડર કાઉન્ટીના પ્રવક્તા જેનિફર ચર્ચિલે જણાવ્યું હતું કે, ત્રણ લોકો ગુમ થયાની આશંકા છે. પેલેએ જણાવ્યું હતું કે લુઇસવિલેમાં આગમાં ૫૫૩ ઘર, સુપિરિયરમાં ૩૩૨ અને કાઉન્ટીના અસંગઠિત ભાગોમાં ૧૦૬ ઘરો બળીને ખાખ થઈ ગયા હતા. તેમને આશંકા છે કે આ સંખ્યા વધી શકે છે. ડેનવરથી લગભગ ૩૨ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં લુઈસવિલે અને સુપિરિયરની આસપાસ જંગલમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા સાત લોકો ઘાયલ થયા છે. ૨૪ ચોરસ કિલોમીટરનો વિસ્તાર આગથી પ્રભાવિત થયો છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ


ભગવતી પંચમતીયા


જયકાંત ઘેલાણી

NOG SS NO.60
ટોપિકઃ વીતેલાં વર્ષની ખાટી મીઠી
વિભાગઃ ગદ્ય
પ્રકારઃ ચઆર્ટીકલૃ
શીર્ષકઃ વીતેલાં વર્ષ સાથે થોડી પળો......વર્ષ ૨૦૨૧

વર્ષ ૨૦૨૧ શરૂ થયું ત્યારે તેનાં પાસેથી લોકોને દર વખત કરતાં વધુ આશાઓ હતી. ૨૦૨૦માં કોરોનાએ જયારે આખાં વિશ્વને હચમચાવી મૂક્યું હતું ત્યારે તેમાં વેઠેલું નુકસાન ૨૦૨૧માં ન વેઠવું પડે તેવી આશા સૌએ રાખી હતી જે અમુક અંશે પૂર્ણ પણ થઈ. અત્યારે જયારે ૨૦૨૧નું વર્ષ વિદાય લઈ રહ્યું છે ત્યારે મેં આ સમય કેવીરીતે વિતાવ્યો તેનાં લેખાં જોખાં!

ડીસેમ્બર ૨૦૨૦માં મને, મારાં પતિદેવ અને બંને બાળકોને કોરોના થયેલો. બધાં હોસ્પિટલમાં છ-છ દિવસ એડમિટ હતાં. ૨૦૨૧ પાસેથી ફાસ્ટ રીકવરીની આશા હતી. પણ તબિયત એકદમ ઠેકાણે આવતાં આવતાં છ મહિના નીકળી ગયાં! પહેલી મને ન ગમતી વસ્તુ એ થઈ કે મારે કોરોનાની નબળાઈને કારણે લગભગ ત્રણ મહિના સુધી બહારથી જમવાનું મગાવવું પડતું હતું. ફેબ્રુઆરીની દસ તારીખે અમે મકાન બદલાવ્યું. ખરાબ તબિયત સાથે ઘર ગોઠવતાં લગભગ દોઢ મહિનો થયો હતો.

માર્ચ મહિનો મારાં માટે ખુશીઓનો ખજાનો લઈને આવ્યો હતો. તારીખ ૨૫-૦૩-૨૦૨૧નાં રોજ મેં વ્હાલપની વેલડીઓ ગ્રુપની રચના કરી અને ઘણી બધી વ્હાલી સખીઓ મને મળી ગઈ! જેમણે મને ડગલે ને પગલે સપોર્ટ કર્યો છે. આ વર્ષમાં જ ગ્રુપની સખીઓ સાથે મળીને એક જ ટોપિક પર બે સહિયારી નવલિકાઓ લખી. આ વર્ષમાં જ ગ્રુપમાં ટાસ્ક આપવાની પણ શુભ શરૂઆત થઈ. એ ઉપરાંત
ન્યૂઝ ઓફ ગાંધીનગર ડેઈલીમાં મારી ઘણી રચનાઓ પ્રકાશિત થઈ.

એપ્રિલ, મે અને જૂન મહિના કોરોનાની બીજી વેવનાં ભયનાં ઓથાર હેઠળ પસાર કર્યા. હજુ ઓમીક્રોનનો ખતરો મનુષ્ય માત્ર પર તોળાઈ રહ્યો છે. એક અણગમતી ઘટના એ બની કે શ્રાવણ મહિનામાં મારાં મમ્મી વધુ બિમાર પડી ગયાં અને ત્યારથી આજ દિવસ સુધી સાવ પથારીવશ છે. તેમની તબિયતમાં કોઈ જ સુધારો નથી. અમને ચારેય ભાઈ-બહેનને મમ્મીની બીમારીએ ચિંતિત કરી દીધાં છે. સાથે જ પપ્પાનાં બંને પગની કપાસીનું ઓપરેશન પણ શ્રાવણ મહિનામાં જ થયું હતું. પંદરેક દિવસ તેમણે બહુ દુઃખાવા સાથે પસાર કર્યા. હજુ પણ થોડી તકલીફ તો છે જ તેમને. આ બધી માનસિક તકલીફો મેં ૨૦૨૧માં જ વેઠી છે.

કોરોનાએ હજુ પણ સાવ પીછો છોડી નથી દીધો. હજુ પણ હાથ-પગ દર્દ કર્યા કરે છે. તો મારું સુગર પણ રાજાની કુંવરીની જેમ રાત્રે ન વધે તેટલું દિવસે અને દિવસે ન વધે તેટલું વધ્યા જ કરે છે તે પણ એક ચિંતાનો વિષય છે. સુગર આટલું હાઈ થઈ જવાની સમસ્યા પણ ૨૦૨૧માં જ ઉદ્ભવી છે. પહેલાં લો થઈ જવાની સમસ્યા હતી.

દુઃખદ યાદો પછી થોડી સુંદર યાદોની વાત પણ કરી જ લઉં!

૨૦૨૧માં મને મેગા વાર્તા સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું તેનો એવોર્ડ ઘેર પહોંચતો કરવામાં આવ્યો અને સાથે જ સર્ટીફીકેટ પણ. આ વર્ષમાં મારી બે સહિયારી નવલકથાઓ પબ્લીશ થઈ. એક 'સમ્બોધન વિનાનાં સમ્બન્ધ' અને બીજી 'અસ્તિત્વનું આત્મવિલોપન.' સહિયારી લઘુકથાની 'બુક વાર્તાયન' પણ ૨૦૨૦મ પબ્લીશ થઈ. મારી નોવેલ 'અસ્તિત્વ' જે ૨૫ ડીસેમ્બર ૨૦૨૦નાં રોજ રાજકોટથી પ્રગટ થતાં મેગેઝીન 'અરસ પરસ'માં એપિસોડવાઈઝ પબ્લીશ થવાનું શરૂ થયું હતું તે નોવેલ ૨૦૨૧માં પૂરી થઈ. આ મારાં માટે બહુ ગૌરવની વાત છે. કહો ને કે મારું એક સપનું હતું જે પૂર્ણ થયું. 'સત્ય મંથન' દૈનિકે ૨૦૨૧માં દિવાળી પહેલાં સ્પર્ધા ઘોષિત કરેલી. વિષય હતોઃ ગરીબોની દિવાળી. તેનાં પર લખેલી મારી કવિતા વિજેતા બની અને તેનું સર્ટીફીકેટ મને ફોટોફ્રેમમાં મઢેલું ઘેર મોકલી આપવામાં આવેલું. માત્ર ત્રણ કવિતાઓ 'સત્ય મંથન'માં છપાઈ હતી . તેમાં મારી કવિતા પણ હતી. આ ઉપરાંત વતનની વાત, બૌધિક ભારત વગેરે પેપરમાં મારી લઘુકથાઓ પબ્લીશ થઈ તે માટે હું ભગવાનની ખૂબ આભારી છું.

આમ, ૨૦૨૧માં મેં ઘણી સારી અને ખરાબ વાતો અનુભવી છે. પરમ કૃપાળુને એક જ પ્રાર્થના કે મારાં પરિવાર અને આ ન્યૂઝ ઓફ ગાંધીનગર ગ્રુપનાં મીઠડાં પરિવારને સદા સ્વસ્થ અને હસતો રમતો રાખે અને દર વર્ષે આપણે સૌ આમ જ નવાં વર્ષને આવકારતાં રહીએ....વેલકમ ૨૦૨૨, વેલકમ.

અસ્તુ.

ભગવતી પંચમતીયા 'રોશની'

---

NOG સાહિત્ય સરિતા પરિવાર ગૃપ
NOG NO. : S.S. 0059.
વિષય; વિતેલાં વર્ષની ખાટી મીઠી યાદો.
પ્રકારઃ ગદ્ય- લેખ.
શીર્ષકઃ"ભાઈ! ભૂતકાળ ને ભૂલો".
શબ્દોઃ૩૪૫.

પ્યારે', આપણી પ્યારી માતૃભાષા ગુજરાતીની,ટચુકડી કહેવતો,ઘણુ ઘણું કહેવાનું સામર્થ્ય ધરાવતી હોયછે,
જે વાત કહેવા-સમજાવવાં મોટાં ગ્રંથો પણ અધૂરા પૂરવાર બને છે, ત્યાં પાંચ- સાત શબ્દો અકલ્પનીય તાકાતનો પરચો બતાવી જતા હોયછે. દા.ત.ફક્ત ત્રણજ શબ્દ
"ભૂતકાળ ને ભૂલો " દુઃખદ ઘટનાને ભૂલવાનો ઉત્તમ સંદેશ આપેછે, તો સાથે કોઈ સાથે થયેલ અણબનાવને, નવપલ્લવિત બનાવવાનું અજોડ કાર્યપણ કરે છે અને 'ક્ષમા' ના ગુણને સ્થાપિત કરે છે , આ છે કહેવતોનો અનુપમ જાદુ !
ગતવર્ષની જૂની પીડાકારક પરિસ્થિતિ ને વાગોળવાની જરૂર નથી, હા, તેમાંથી ફક્ત જરૂરી બોધપાઠજ સમજવાનો અને જીવનમાં ઉતારવાનો રહે છે.
વર્ષની આખરે જેમ વેપારી સરવૈયું કાઢી,નફા-નુકશાન જાણી ભાવિ માટે યોગ્ય આયોજન કરે જે વધુ યોગ્યછે.
'પ્યારે',સાહિત્યનો શિલ્પી, આપણા ૬ૅર સાહિત્ય સરિતા પરિવારના ગત વર્ષની આપણી લેખન પ્રવૃત્તિ વિષે આછેરા સરવૈયાની ઝલક જણાવેછે.
ગત દોઢ વર્ષમાં,આપણી
સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ,આવેલ રચનાની સંખ્યા ઘણીજ ઓછી રહી છે,
જેના કારણમાં જવાબદારી તરફની આપણી બેદરકારી,
કોરોના નો કપરો કાળ,
સાથે કોઈ પારિવારિક સંજોગો પણ હોઈ શકે છે.
હા, આપણે ગૌરવ લઈ શકીએ કે
આવેલ દરેક રચના ઉત્તમ રહી,તેનો સંચાલક તેમજ એડમીન ટીમને આનંદછે.
આપણી આ સાહિત્ય સરિતા પરિવાર ની સફળ સફરમાં સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ, મીનાક્ષીબેન રાવલ પરિવારનો, અવિરત સહયોગ, સાથે સાથે આપણી એડમીન ટીમના સીનીયર સભ્યો, જયશ્રીબેન પટેલ,(દાદીશા,),વિભૂતિબેન, માયાબેન, આરતીબેન મરચન્ટ સાથે,
શ્રી રતીભાઈ વાયડા નુ સમય સમય પરનું યોગ્ય માર્ગદર્શન તેમજ પુર્વ સંચાલક જીજ્ઞાબેન તેમજ નામી- અનામી શુભેરછક ભાઈ- બહેનોનો ઉલ્લલેખનીય સહકાર આપણી શાનદાર સફરનુ રાજછે !
જેનું આપણને સૌને ગૌરવ છે.
હવે નવાં વર્ષે આપણે સૌ દ્રઢ સંકલ્પ કરીએ કે
NOG સાહિત્ય સરિતા પરિવારના ગૃપને આપણે દરેકે,દરેક સપ્તાહે, શ્રેષ્ઠ રચનાઓ સમયસર લખી મોકલી આપવીજ.
આપણાં ગુજરાતી સાહિત્ય વારસાને ઝળહળતો રાખવામા આપણે અગ્રેસર રહી આપણી આગવી ઓળખ કંડારીએ.
મિત્રો,
"જાજા હાથ રળીયામણા"
કહેવતને યથાર્થ દીપાવીએ.
'પ્યારે', આપ સર્વેને ઈસુના નવાં વર્ષના અભિનંદન અને હાર્દિક શૂભેરછાઓ.

જયકાન્ત ઘેલાણી - પ્યારે'.

## નવોદય સ્કૂલમાં કોરોના વિસ્ફોટ, એક સાથે ૮૫ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ

નૈનીતાલ,તા.૨

ઉત્તરાખંડમાં કોરોના વાયરસની સાથે ઓમિક્રોનના કેસ પણ વધવા લાગ્યા છે. ઉત્તરાખંડમાં ૧૧૮ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા હતા. આવા સમયે કોરોનાના નવા પ્રકાર ઓમિક્રોનના ચાર નવા કેસ પણ નોંધાયા હતા. આ સાથે નૈનીતાલની જવાહર નવોદય વિદ્યાલયમાં ૮૫ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે, જે બાદ શાળા પ્રશાસનમાં હલચલ મચી ગઈ છે. આ સાથે જ એક સાથે ૮૫ વિદ્યાર્થીઓ પોઝિટિવ આવતા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું છે.

પ્રિન્સિપાલ સહિત ૧૧ યુવાનો પણ કોરોના સંક્રમિત હાલ આરોગ્ય વિભાગે તમામ વિદ્યાર્થીઓને શાળામાં જ આઈસોલેટ કરી દીધા છે.આરટી પીસીઆર ટેસ્ટમાં જે વિદ્યાર્થીઓનો ટેસ્ટ નેગેટિવઆવ્યો છે તેમને એન્ટિજેન ટેસ્ટ કરાવવો પડશે. જો ટેસ્ટ નેગેટિવ આવશે તો વિદ્યાર્થીઓને ઘરે મોકલી દેવામાં આવશે.અહેવાલો અનુસાર અલ્મોડા હલ્દવાનીહાઈવે પર સ્થિત જવાહર નવોદય વિદ્યાલય ગંગરકોટ સુયલબારીમાં આરટી પીસીઆર ટેસ્ટ દ્વારા શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓના નમૂના લેવામાં આવ્યા હતા. બીજા દિવસેઆવેલા રિપોર્ટમાં શાળાના આચાર્ય સહિત લગભગ ૧૧ બાળકો કોરોનાથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું હતું. એક સાથે ૮૫ બાળકો કોરોના સંક્રમિત જે બાદ એક્શનમાં આવેલી આરોગ્ય વિભાગની ટીમે એક ખાસ કેમ્પ ગોઠવ્યો અને લગભગ ૪૯૬ યુવાનોના સ્વેબ સેમ્પલ તપાસ માટે મોકલ્યા હતા.

જે બાદ મળેલા રિપોર્ટમાં શાળાના ૮૫ બાળકો કોરોનાથી સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. એક સાથે ૮૫ નવજાત શિશુઓ સંક્રમિત જોવા મળતાં ખળભળાટ મચી ગયો છે. ડેપ્યુટી કલેક્ટર રાહુલ શાહની સૂચના પર શાળાને પહેલેથી જ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવી છે. આવા સમયે હવે મોટી સંખ્યામાં કોરોના સંક્રમિતોને જોતાઆરોગ્ય વિભાગે તૈયારીઓ તેજ કરી દીધી છે.

આરોગ્ય વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, શાળામાં જ સંક્રમિત મળી આવેલા વિદ્યાર્થીઓને આઈસોલેટકરવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ડોકટર્સની ટીમ બનાવવાઇ એસડીએમ રાહુલ શાહે જણાવ્યું કે, હવે નેગેટિવ વિદ્યાર્થીઓનો રેપિડ એન્ટિજેન ટેસ્ટ કરવામાં આવશે, ત્યારબાદ પરિવારના સભ્યોની સંમતિથી બાળકોને ઘરે મોકલવામાંઆવશે. આવા સમયે સીએમઓ ડો. ભગવતી જોશીએ જણાવ્યું કે, ચેપગ્રસ્ત મળી આવેલા બાળકોમાં કોરોનાના કોઈ લક્ષણો નથી. આચાર્યને શાળા બંધ કરવાની સૂચનાઆપવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમિત બાળકો પર નજર રાખવા માટે ડોક્ટર્સની ટીમ બનાવવામાં આવી છે.

## યુપીના સીએમ યોગી આદિત્યનાથ પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડશે

લખનૌ,તા.૨

દેશમાં કોરોના અને ઓમિક્રોનના વધી રહેલા કેસો વચ્ચે ૫ રાજયોમાં ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. તેમાં પણ યુપીમાં તો ભાજપ અને વિપક્ષો માટે આ જંગ પ્રતિષ્ઠાનો બની ગયો છે. હવે જાણવા મળ્યું છે કે સીએમ યોગી આદિત્યનાથ પહેલી વાર વિધાનસભા ચૂંટણી લડવાના છે. પરંતુ કઇ સીટ પરથી તે નક્કી નથી. મુખ્યમંત્રી યોગીએ આ અંગે સેકેત આપતા કહ્યું કે મથુરાથી ચૂંટણી લડવાનો મારો કોઅ કાર્યક્રમ નથી.

પરંતુ પાર્ટી જ્યાંથી કહેશે, ત્યાંથી ચંટૂણી લડવામાં આવશે. મથુરા અમારુ પાવન ધામ છે. હું બ્રિજભૂમિ પર ૧૯ વખત આવ્યો છું. આ અમારા માટે તીર્થ છે. શનિવારે પત્રકારો સાથે ડિનર અનૌપચારિક વાતચીતમાં યોગીએ જણાવ્યું હતું કે તેઓ પહેલી વાર વિધાનસભા ચૂંટણી લડશે. કઇ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઝંડપલાવશે. તે અંગેનો નિર્ણય પાર્ટી કરશે. સીએમ યોગીએ આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ૩૦૦થી વધુ બેઠકો પર જીતનો દાવો પણ કર્યો છે.

નોંધનીય છે કે યોગી આદિત્યનાથે ૨૦૧૪માં પ્રથમ વખત ગોરખપુરથી લોકસભા ચૂંટણી લડી જીત મેળવી હતી. ત્યારે બાદ તેઓ યુપીના સીએમ બન્યા હતા અને પછી વિધાન પરિષદનું સભ્યપદ મેળવ્યું હતું. સીએમ યોગીએ કોરાનાથી નહી ડરવાની વાત પણ કરી હતી. સાથે કહ્યું કે ચૂંટણીઓ નિર્ધારિત સમય પર જ થવા જોઈએ.

જ્યારે ચૂંટણીમાં સિટિંગ ધારાસભ્યોની ટિકિટ કપાવવા, મથુરામાંથી ચૂંટણી લડવા, અયોધ્યા, કાશી બાદ મથુરા માટેના એજન્ડા અંગે પણ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. તે અંગે યોગીએ જણાવ્યું હતું કે ભાજપ બહુ મોટો પક્ષ છે. અલગ અલગ સમયે લોકોને વિવિધ જવાબદારી સોંપવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ સીએમ, મંત્રી કે ધારાસભ્ય છે તો જરુરી નથી તે કાયમ ધારાસભ્ય કે મંત્રી જ રહે. આવા સમયમાં જોવું જોઇએ કે કેટલાક લોકો સંગઠનમાં પણ કામ કરી શકે છે.

## મુંબઈમાં એક્ટિવ કેસ વધીને ૨૨૦૦૦, આકરા નિયંત્રણો લાગુ કરાય તેવી શક્યતા

મુંબઈ,તા.૨

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોરોનાના એક્ટિવ કેસ વધીને ૨૨૦૦૦ પર પહોંચી ગયા હોવાથી અહીયા કોરોનાની ત્રીજી લહેર શરુ થઈ ગઈ હોવાનુ અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે. જેના પગલે હવે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં વધારે આકરા નિયંત્રણો લાગુ થઈ શકે છે.મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજીત પવાર પહેલા જ કહી ચુકાય છે કે, રાજ્યના ૧૦ મંત્રી કોરોના પોઝિટિવ થઈ ચુકયા છે.બીજા ૨૦ ધારાસભ્યોને પણ કોરોના થયો છે.તેમણે કહ્યુ છે કે, જો આ જ રીતે રાજયમાં કેસ વધતા રહેશે તો સરકાર વધારે આકરા નિયંત્રણો લાગુ કરશે. મુંબઈની વાત કરવામાં આવે તો ૨૪ કલાકમાં અહીંયા ૬૫૦૦ જેટલા નવા કેસ સામે આવ્યા બાદ એક્ટિવ કેસની સંખ્યા ૨૨૦૦૦ કરતા વધી ચુકી છે.કોરોનાના પોઝિટિવ કેસમાં ૫૫ ટકા સેમ્પલમાં નવો ઓમિક્રોન વેરિઅન્ટ મળ્યો છે અને તેના કારણે મહારાષ્ટ્રમાં કોરોનાની ત્રીજી લહેર શરુ થઈ હોવાની આશંકા વરતાઈ રહી છે.

## પંજાબમાં બિલ મંજૂરી માટે ધરણા કરાશે

પંજાબ,તા.૦૨

પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ આક્ષેપ કર્યો હતો કે કેટલાક રાજકીય કારણોસર રાજયપાલ દ્વારા ફાઇલ (બિલ સંબંધિત) અટકાવી દેવામાં આવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે તેઓ મંત્રીઓ સાથે આ મુદ્દે રાજ્યપાલને મળી ચૂક્યા છે, જ્યારે મુખ્ય સચિવ પણ રાજયપાલને બે વાર મળ્યા છે. ચન્નીએ કહ્યું કે, તેઓ મંત્રીઓ સાથે સોમવારે ફરીથી રાજયપાલને મળશે. જો તે આવું ન કરે (ફાઇલને મંજૂરી આપવી), તો તે રાજકારણ છે, તેમણે કહ્યું. અમારે ધરણાં કરવા પડશે, અમે તે કરીશું, પરંતુ અમારે કર્મચારીઓને નિયમિત કરવા પડશે.

ફાઈલ ક્લિયર કરવાની જવાબદારી (રાજયપાલની) છે. પહેલા મને લાગતું હતું કે તેઓ ક્યાંક વ્યસ્ત છે, પરંતુ જેમ કે હું તેમને મળી ચૂક્યો છું અને મુખ્ય સચિવ પણ તેમને મળી ચૂક્યા છે, હવે તે રાજકારણ છે, કારણ કે ભાજપનું દબાણ છે, તેમણે રાજકારણ ન કરવું જોઈએ. વિધાનસભાની ચૂંટણી પહેલા, ચન્ની સરકાર કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને નિયમિત કરવાનું વચન પૂરું ન કરવા બદલ તેના રાજકીય હરીફો દ્વારા પ્રહારો કરી રહી હતી. પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત પર ૩૬,૦૦૦ કરાર આધારિત કર્મચારીઓને નિયમિત કરવાના બિલ પર મંજૂરી રોકવાનો આરોપ લગાવ્યો હતો. આ માટે તેની સામે ધરણા કરવાની પણ ધમકી આપી હતી.

## મહારાષ્ટ્રના રાજ્યપાલે આશ્રય યોજના મામલે તપાસના આદેશ આપ્યા

મુંબઇ,તા.૨

મહારાષ્ટ્રમાં બીએમસી કર્મચારીઓ માટે શરૂ કરવામાં આવેલી આશ્રય યોજનાને લઈને રાજ્ય સરકારને ઝટકો લાગ્યો છે. શિવસેનાને મોટો ફટકો આપતા, મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ મ્સ્ઝની "આશ્રય યોજના" ની તપાસના આદેશ આપ્યા છે. રાજ્યપાલે મહારાષ્ટ્રના લોકાયુક્તને આ મામલે તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ભાજપનો આરોપ છે કે બીએમસીની આશ્રય યોજનામાં ૧ હજાર ૮૦૦ કરોડનું કૌભાંડ થયું છે.

બીએમસીની "આશ્રય યોજના" અંગે ભાજપના આરોપો અનુસાર, સીવીસી (સેન્ટ્રલ વિજિલન્સ કમિશન)ના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. નિયમો અનુસાર, જો એક જ સહભાગી ટેન્ડરમાં ભાગ લે તો ટેન્ડર પરત લેવુ જોઈએ, પરંતુ આવું થયું નથી. આશ્રય યોજના હેઠળ, બીએમસી કર્મચારીઓ માટે ઘર બનાવી રહી હતી.

ભાજપનો આરોપ છે કે બીએમસી અને શિવસેનાએ ૧૮૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું છે. ભાજપે રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીને મળીને આ મામલે ફરિયાદ કરી હતી અને લોકાયુક્તને સમગ્ર મામલાની તપાસ કરવાની માગણી કરવામાં આવી હતી

## ખેડૂતો ગૌમૂત્ર અને જૈવિક ખાતરનો ઉપયોગથી ખેતી કરવા પ્રરિત થયા

નવીદિલ્હી,તા.૦૨

દરેક પાક સારી રીતે ઉગે તે માટે જમીનમાં પોષક તત્વો હોવા જરૂરી છે. હવે ખેડૂતોએ યુરિયાને બદલે અન્ય વિકલ્પો અપનાવવાનું શરૂ કર્યું છે. યુપીમાં એક ખેડૂતે પોતાના ખેતરમાં ખાતર માટે યુરિયાને બદલે ગૌમૂત્રનો ઘઉંના પાક પર છંટકાવ કરી સારૂ ઉત્પાદન મેળવ્યું છે.પ્રગતિશીલ ખેડૂતે પોતાના ખેતરોમાં માત્ર ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરે છે. તેમનો પાક સંપૂર્ણપણે ઓર્ગેનિક છે. આ સાથે તેઓ પોતાના ખેતરોમાં વર્મી કમ્પોસ્ટ, ઓર્ગેનિક પેસ્ટીસાઇડ્સ જેવી દવાઓ પણ તૈયાર કરે છે. ઝીરો બજેટ ખેતીથી એક તો ખેડૂતોને કોઈ ખર્ચ કરવો પડતો નથી આ ખેતીમાં ન તો પર્યાવરણ કે જમીનનું પ્રદુષણ થાય છે ત્યારે આ ખેતી સંપૂર્ણ રીતે નફાકારક છે. ત્યારે મોંઘીદાટ દવાઓ અને ખાતરો પરથી નિર્ભરતા ઘટાડી ખેડૂતોએ ઝીરો બજેટ ખેતી અપનાવે તે સમયની પણ માગ છે. આ સાથે છોડના વિકાસ માટે નાઈટ્રોજનની વધુ જરૂર પડે છે. આ માટે ખેડૂતો યુરિયાનો ઉપયોગ કરે છે, કારણ કે યુરિયામાં ૪૬% નાઈટ્રોજન જોવા મળે છે. આ સ્થિતિમાં ઉત્તર પ્રદેશના ખેડૂતો વધતી મોંઘવારી વચ્ચે યુરિયાની અછતનો સામનો કરી રહ્યા છે. યુપીના બાંદામાં રહેતા એક ખેડૂતએ યુરિયાની અછતથી પરેશાન થઈને પાકમાં જૈવિક ખાતર તરીકે ગૌમૂત્રનો ઉપયોગ કરીને નવી ટેકનિક અપનાવી છે. તેમનું કહેવું છે કે આનાથી પાકને પૂરતો નાઈટ્રોજન મળશે, જે પાકની સારી ઉપજ આપશે. આ સાથે તેમણે ખેડૂતોને ગૌમૂત્ર અને જૈવિક ખાતરનો ઉપયોગ કરીને ઝીરો બજેટમાં ખેતી કરવાનું સૂચન કર્યું છે. આ ઉપરાંત વિજ્ઞાન શુક્લા અન્ય ખેડૂતોને પણ આ ટેકનિકની તાલીમ આપી રહ્યા છે. ખાસ વાત એ છે કે તેમને તેમના કામ માટે ઘણા રાષ્ટ્રીય પુરસ્કારો જેમ કે જગજીવન રામ અને બુંદેલખંડ સ્તરના પુરસ્કારો મળ્યા છે.

## યુએસમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૬.૪૭ લાખ કેસ

લંડન,તા.૨

ઓમિક્રોન વેરિઅન્ટે દુનિયાભરમાં હાહાકાર મચાવ્યો છે. યુએસમાં આરોગ્ય તંત્રને મોટો ફટકો પડયો છે તો બ્રિટન, ઇટલી અને ફ્રાન્સમાં સતત ઓમિક્રોનના કેસો વધી રહ્યા હોવાથી સરકારોની હાલત કફોડી થઇ ગઇ છે.ઓમિક્રોનના હાહાકારને કારણે આખી દુનિયામાં નવા વર્ષની ઉજવણી ફીકી પડી ગઇ હતી અને તમામ દેશોમાં ફલાઇટો રદ કરવામાં આવી હોવાને કારણે પ્રવાસીઓની હાલાકી વધી ગઇ હતી. રશિયા અને દક્ષિણ આફ્રિકામાં હાલતમાં મામૂલી સુધારો જણાયો છે પણ રશિયામાં મરણાંક હજી ચિંતા ઉપજાવે તેવો મોટો છે.

યુએસમાં ઓમિક્રોનના કેસોમાં મોટો વધારો થવાને પગલે ૭૮ ટકા આઈસીયુ બેડ ભરાઇ ગયા છે. સીડીસીના આંકડાઓ અનુસાર




અમેરિકામાં ગયા સપ્તાહમાં કોરોનાના બાવીસ લાખ કરતાં વધારે નવા કેસો નોંધાયા છે. કુલ કેસોની સંખ્યા ૫૪ કરોડ થવાને આરે છે જયારે કુલ કોરોના મરણાંક સવા આઠ લાખે પહોંચવાની તૈયારીમાં છે.

ફલોરિડામાં જ એક દિવસમાં ૭૫ હજાર કરતાં વધારે કોરોનાના કેસો નોંધાયા છે. યુએસમાં એક જ દિવસમાં ૧૪૦૯ જણાના મોત થયા હતા. બીજી તરફ બ્રિટનમાં શુક્રવારે કોરોનાના નવા ૧,૮૯,૮૪૬ કેસો નોંધાયા છે અને ૨૦૩ જણાના મોત થયા છે તો બીજી તરફ ઈટાલીમાં શુક્રવારે કોરોનાના ૧,૪૪,૨૪૩ નવા કેસો નોંધાયા હતા અને ૧૫૫ જણાના મોત થયા હતા.

ઈટાલીમાં કોરોનાનો કુલ મરણાંક ૧,૩૭,૪૦૨ થયો છે. ફ્રાન્સમાં પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ જણાવ્યું હતું કે ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨,૩૨,૨૦૦ કેસો નોંધાયા છે અને આગામી થોડા સપ્તાહો દેશ માટે કઠિન નીવડશે. યુરોપમાં હવે ફ્રાન્સ કોરોના મહામારીનું સૌથી મોટું કેન્દ્ર બની ગયું છે. બીજી તરફ રશિયામાં કોરોનાના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે પણ મરણાંક ઘટયો નથી. રશિયામાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૧૦,૫૧૯,૭૩૩ થઈ છે જયારે છેલ્લા ૨૪ કલાકમાં ૮૪૭ જણાના મોત થયા છે. ઓમિક્રોન મોટાપાયે ફેલાવાને કારણે તેની દુનિયાના વિમાનપ્રવાસ ઉદ્યોગ પર માઠી અસર પડી છે. દુનિયામાં શુક્રવારે ૨૪૦૦ થી વધારે ફલાઈટ રદ કરવી પડી હતી. માત્ર યુએસમાં જ ૧૧૦૦ કરતાં વધારે ફલાઈટસ રદ કરવી પડી હતી.

ચીનમાં પણ જાહેરમાં નવા વર્ષની ઉજવણીઓ રદ કરવામાં આવી છે. દરમ્યાન યુકેમાં ઓમિક્રોનના નવા દર્દીઓમાં ૮૫ ટકા દર્દીઓ એવા જણાયા હતા જેમણે કોરોનાની રસીનો બૂસ્ટર ડોઝ લીધો નહોતો. યુકે હેલ્થ સિક્યુરિટી એજન્સીએ તેના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરતાં જણાવ્યું હતુ કે ૮૧૫ દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૦૮ દર્દીઓએ બૂસ્ટર ડોઝ લીધો ન હોવાનું જણાયું હતું.

જયારે ચોથા ભાગના દર્દીઓએ કોરોનાની રસીનો એક પણ ડોઝ લીધો નહોતો. આંકડાઓ દર્શાવે છે કે કોરોનાની રસીનો બૂસ્ટર ડોઝ લેવાથી ઓમિક્રોનના ચેપને કારણે હોસ્પિટલાઇઝેશનનું જોખમ ૮૮ ટકા ઘટે છે. કોરોનાની રસીના બે ડોઝ લીધા હોય તો છ મહિના સુધી હોસ્પિટલાઇઝેશનનું જોખમ ૭૨ ટકા ઘટે છે. બ્રટનમાં હજી ૯૫ લાખ લોકોએ બૂસ્ટર ડોઝ લીધો નથી.

### ૧૦૮ કુંડી યજ્ઞ માટે હવનકુંડ બનાવવાનું શરૂ

# ખોડલધામમાં ૨૧ જાન્યુઆરીએ ભવ્ય પાટોત્સવ યોજાશે



રાજકોટ,તા,૦૨

કાગવડ સ્થિત ખોડલધામ મંદિરમા મા ખોડલની સાથે અન્ય ૨૦ દેવી-દેવતાઓની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. મંદિરના મંડોવરથી શિખર સુધી કુલ ૬૫૦ જેટલી મૂર્તિ કંડારીને મૂકવામાં આવી છે. મંદિરની જગતીમાં રહેલી પટેલ પેનલમાં ધરતીપુત્ર પટેલની મૂર્તિઓ કંડારીને મૂકાઈ છે. ખોડલધામ એકમાત્ર એવું મંદિર છે જેની જગતીમાં કલાત્મક પટેલ પેનલ મૂકવામાં આવી હોય. ખોડલધામ મંદિર વિશ્વનું પ્રથમ એવું મંદિર છે જેના પ્રવેશદ્વાર પર રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યો છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની સ્થાપના ૦૮-૦૩-૨૦૧૦ના રોજ થઈ હતી. જેનો વિચાર નરેશ પટેલને ૨૦૦૨માં મિત્રો સાથે વાત કરતાં આવ્યો હતો. ખોડલધામ મંદિર બંસી પહાડપુરના ૨ લાખ ૩૦ હજાર ઘનફૂટ પથ્થરમાંથી બનાવવામાં આવ્યું છે, જે રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં બયાના ગામની નજીકની ખાણમાંથી નીકળે છે. મંદિરની પહોળાઈ ૨૫૨ ફૂટ અને ૫ ઈંચ છે. મંદિરની લંબાઈ ૨૯૮ ફૂટ અને ૭ ઈંચ છે. જ્યારે જમીનથી ધ્વજદંડ સુધીની ઊંચાઈ ૧૫૯ ફૂટ ૧ ઈંચ છે. ખોડલધામ મંદિરની ટોચ પર એક ૧૪ ફૂટ ઉંચો, ૬ ટનનો સૂવર્ણ જડિત કળશ સ્થાપિત કરાયો છે. કળશની પાસે ૪૦ ફૂટ ઊંચો ધ્વજદંડ મૂકવામાં આવ્યો છે. ધ્વજદંડ પર બાવન ગજની ધ્વજા લહેરાઈ રહી છે.૨ ઓરિસ્સાના કારીગરો દ્વારા કંડારવામાં આવેલી લગભગ ૬૫૦ મૂર્તિઓ માંડોવરથી ખોડલધામ મંદિરની શિખર સુધી સ્થાપિત કરવામાં આવી છે. પિલર, બીમ, તોરણ, છતની ડિઝાઈન એ બધું રાજસ્થાનના કારીગરોએ કંડાર્યું છે. ખોડલધામ મંદિરનો સમાવેશ મહામેરૂ પ્રાસાદમાં થાય છે. એટલે કે જેનું સ્વરૂપ મોટા પર્વત જેવું હોય તેને મહામેરૂ પ્રાસાદ કહે છે.લેઉવા પટેલ સમાજના એકતાના પ્રતિક સમાન ખોડલધામ મંદિરને ૨૧ જાન્યુઆરીએ ૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ત્યારે ૨૧ જાન્યુઆરીએ મંદિર ખાતે ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવમાં ઉપસ્થિત રહેવા માટે સમગ્ર ગુજરાતમાં રહેતા પાટીદાર સમાજને આમંત્રણ આપવા ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ ખુદ સમગ્ર ગુજરાતમાં ભ્રમણ કરી આમંત્રણ પાઠવી રહ્યા છે. ત્યારે હાલ ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, આગેવાનો અને સ્વયંસેવકો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પાટોત્સવમાં ૧૦૮ કુંડી યજ્ઞ યોજાનાર હોય હાલ સ્વયંસેવકો દ્વારા હવનકુંડ બનાવવામાં આવી રહ્યા છે. ૨૧ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ કાગવડ ખાતે માતાજીનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ સમયે ૧૦૦૮ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું એ જ રીતે પાંચ વર્ષ પૂર્ણ થતા આગામી ૨૧ જાન્યુઆરીના રોજ ૫ વર્ષ પૂર્ણ થતા પંચમ પાટોત્સવને લઈ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેમાં મંદિર ખાતે કુલ ૧૦૮ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે અને જે માટે યજ્ઞશાળા બનાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

### ઘનશ્યામ બિરલા નું ૯૬ મી વાર રક્તદાન

# સ્વર્ણિમ ગજરાત યુથ ફાઉન્ડેસન સુરત દ્વારા નવા વર્ષ ની ઉજવણી આગનના ભૂલકાંઓ સાથે મનાવી



સ્વર્ણિમ ગજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ૨૦૨૧ ના વર્ષ ની વિદાય તેમજ નવી આશા ને ઉમંગ સાથે નવા ૨૦૨૨ ના વર્ષ ને આવકારવા ના ઉમંગ સાથે ઉત્રાણ આંગણવાડી ના બાળકો સાથે ઉજવણી કરી સંસ્થાના પ્રમુખ શ્રી ઘનશ્યામ બિરલા દ્વારા ૯૬ મી વાર રક્તદાન કરીને નવા વર્ષ ની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમ ની વિગત આપતા બિરલા એ જણાવ્યું હતું કે ૨૦૨૧ નું વર્ષ સમગ્ર વિશ્વ માટે એક દુઃખદાયક હતું કોરાના મહામારી એ લોકો ની જીંદગી તહસનહસ કરી નાખી હતી ત્યારે ઉત્રાણ આંગણવાડી ના ગરીબ બાળકો ને ગિફ્ટ તેમજ માસ્ક ને બિસ્કીટ ની ભેટ વિગેરે સંસ્થા દ્વારા આપવામાં આવી હતી કોરોના મહામારી દરમ્યાન છેલા ઘણા સમય થયા આં બાળકો આંગણવાડી થી દુર છે જે આજરોજ આંગણવાડી માં આવતા તે નાનકડા ભૂલકાંનાચહેરા પર જે ખુશી જોય તેને જોય ને આનંદ ની લાગણી થય હતી

તેમજ આ બાળકો ને માસ્ક ની ગિફ્ટ આપીને એક એવો મેસેજ આપવાનો પ્રયાસ હતો કે હજુ કોરોના ગયો નથી માટેબાળકો દ્વારા તેના વાલી ઓને પણ જાગૃત કરવા નો ઉદેશ હતો

આં કાર્યક્રમ માં ગોપાલ રાદડીયા કિશાનસેલ પ્રદેશ મેમ્બર બીજેપી સામાજિક અગ્રણી બટુકભાઈ વાડદોરિયા હરેશ માંગરોળીયા દિનેશ ભાયાણી તેમજ ચેતના સોજીત્રા જેવા અગ્રણીઓ એ હાજરી આપ હતી સ્વર્ણિમ ટીમ ના ડો પ્રફુલ્લ સિરોયા ડો મુકેશ પડસાલા ડો મંધુકાંત ગોંડલિયા ધિમાંન રાજપૂત. નરેશ દેવળીયા ઘનશ્યામ પાધરા દિલીપ ચકલાસિયા વગેરે મિત્રો એ આવા સુંદર પોગ્રામ દ્વારા નવા વર્ષ ની ઉજવણીને બિરદાવી હતી.

# સુબિર આઈ.ટી.આઈ. ખાતે યોજાયો જોબફેર : ૧૨૦ યુવક/યુવતિઓની થઈ પસંદગી.

આહવા તાઃ ૦૨:

ડાંગ જિલ્લાના સુબિર ખાતે આવેલી આઇ.ટી.આઇ. મા તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ જિલ્લા રોજગાર કચેરી, આહવા અને આઇ.ટી.આઇ. સુબીરના સંયુક્ત ઉપક્રમે, મેગા જોબફેરનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા જુદી-જુદી કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ જોબ ફેરમા કુલ-૧૨૦ નોકરી વાંચ્છુક ઉમેદવારોએ ભાગ લીધો હતો. જે પૈકી ૪૪ ઉમેદવારોને જુદી- જુદી કંપનીના પ્રતિનિધિઓ દ્વારા પ્રાથમિક પસંદગી કરવામા આવી છે. આ કાર્યક્રમમા જિલ્લા રોજગાર અધિકારી શ્રી વિનોદભાઇ ભોયે, અને સંસ્થાના આચાર્ય શ્રી પી.આર.પટેલ તથા આઇ.ટી.આઇ-સુબીરનો સ્ટાફગણ હાજર રહ્યો હતો. એમ, જિલ્લા રોજગાર અધિકારી, ડાંગની એક અખબારી યાદીમા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર

# વઘઈ નગરને પ્રાપ્ત થઈ 'મોક્ષરથ' ની સેવા

આહવા તાઃ ૨:

જીવનના અંતિમ પડાવ 'મૃત્યુ' ને પ્રાપ્ત કરતા નગરજનોની અંતિમયાત્રા, સંવેદના-સન્માન, અને મૃત્યુના મલાજા સાથે નીકળે, તેવા ઉમદા માનવીય અભિગમ સાથે, વઘઈ નગરને 'મોક્ષરથ' ની સેવા સુવિધા પ્રાપ્ત થઈ છે.

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર એવા વઘઈ તાલુકા મથકે ઘણા વર્ષોથી મૃત્યુ પામતા નગરજનોને સન્માનભેર સ્મશાને પહોંચાડવા માટે 'મોક્ષરથ' ની ઉણપ વર્તાતી હતી. આવા સમયે છેક આહવા કે વાંસદાથી 'મોક્ષરથ' મંગાવીને મૃત્યુનો મલાજો પળાતો હતો. સ્થાનિક નગરજનો, યુવાનો, અને સેવાભાવી લોકોએ વારંવારની આ સમસ્યાના કાયમી ઉકેલરૂપે, વ્યાપક લોક સહયોગ મેળવીને 'મોક્ષરથ' માટે ભંડોળ એકત્ર કરીને, ઘરઆંગણે જ આ સુવિધા ઉભી કરીને 'આત્મનિર્ભર' બનવાનુ બીડુ ઝડપી લીધુ.

વઘઈના આંગણે અંદાજિત રૂપિયા પાંચેક લાખના લોકફાળા સાથે મોક્ષરથ સેવા સમિતિએ મદદનો હાથ લંબાવીને 'મોક્ષરથ' ની સેવા ઉપલબ્ધ કરાવી છે. આ સેવા ગત રોજ સાંજે મા જગતજનની અંબામાની સાંધ્યાઆરતી સાથે નગરજનોને અર્પણ કરવામા આવી છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

# પાટણની રાણીની વાવમાં મુલાકાતીનો ઘસારો ૧.૦૧ કરોડની આવક

પાટણ,તા,૦૨

પાટણ શહેરમાં આવેલા ભવ્ય અને ઐતિહાસિક યુનેસ્કોની યાદીમાં સમાવિષ્ટ રાણીની વાવ દેશ અને વિદેશી પ્રવાસીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર બની છે. ત્યારે આ ભવ્ય ઐતિહાસિક વારસાને નિહાળવા માટે હજારો પ્રવાસીઓ રાણીની વાવની મુલાકાતે આવે છે. જેથી પુરાત્વ વિભાગોની તિજોરીને કરોડો રૂપિયાની આવક થાય છે. ૨૦૨૧માં પણ એક વર્ષમાં રૂ.૧.૦૧ કરોડની આવક થઈ હતી. ગત ૧ જાન્યુઆરી થી ૩૧મી ડિસે.૨૦૨૧ સુધીમાં ૨ લાખ ૫૧ હજાર ૮૩૧ ભારતીય પ્રવાસીઓએ રાણીની વાવની મુલાકાત લેતા એક પ્રવાસીદીઠ રૂ.૪૦ના ટિકિટના દર મુજબ વર્ષે રૂ.૧ કરોડ ૭૩ હજાર ૨૪૦ની આવક થઈ હતી. જ્યારે વિદેશી નાગરિક માટે ટિકીટનો દરનો રૂ.૬૦૦ રાખવામાં આવ્યો છે. ત્યારે વર્ષે ૧૪૪ પ્રવાસીઓએ રાણીની વાવની મુલાકાત લેતા કુલ રૂ.૮૬ હજાર ૪૦૦ની આવક થઈ હતી. આમ છેલ્લા એક વર્ષમાં કુલ ૨ લાખ ૫૧ હજાર ૯૭૫ પ્રવાસીઓએ રાણીની વાવની મુલાકાત લેતા કુલ રૂ.૧ કરોડ ૧ લાખ ૫૯ હજાર ૬૪૦ની આવક થઈ હતી તેમ રાણીની વાવના સિનિયર કન્ઝરવેટીવ અધિકારી આઈ.એ.મનસુરીએ જણાવ્યું હતું. ગત વર્ષે ૨૦૧૯માં વૈશ્વિક કોરોનાની મહામારીની પ્રથમ લહેરમાં આપવામાં આવેલા લોકડાઉન અને બીજી લહેર લોકો માટે ભયાનક બની રહેતા આ ઐતિહાસિક ધરોહરને નિહાળવા માટે આવનાર પ્રવાસીઓની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો હતો, પરંતુ બીજી લહેર બાદ પ્રવાસીઓની આવક વધી હતી.ઉનાળા અને દિવાળીની રજાઓમાં વધારે સંખ્યામાં પ્રવાસીઓ આવે છે ભારતીય પ્રવાસી દીઠ રૂ.૪૦ના ટિકિટના દર મુજબ ટિકિટ લેવાય છે વિદેશી નાગરિક માટે ટિકીટનો દરનો રૂ.૬૦૦ રાખવામાં આવ્યો છે પાટણની વિશ્વ વિરાસત રાણીની વાવ આજે વિશ્વનાં નકશા પર ચમકી રહી છે. આ ઉપરાંત વડાપ્રધાને ભારતીય ચલણી નોટની રૂ.૧૦૦ના દરની નોટ પર આ બેનમૂન સ્થાપત્યને સ્થાન આપીને દેશ અને વિશ્વભરમાં તેનાં મહત્વને ઉજાગર કર્યુ છે. આ વિશ્વ પ્રસિદ્ધ આરક્ષિત સ્થાપત્યનાં દર્શન, અભ્યાસ અને મુલાકાતે પાટણ શહેરમાં અસંખ્ય ભારતીય અને વિદેશી પર્યટકો આવી રહ્યા છે.

### લવ જેહાદ મુદ્દે ગૃહમંત્રી હર્ષ સંઘવીનું નિવેદન

# ગુજરાત પોલીસ કડકમાં કડક પગલાં ભરશે : હર્ષ સંઘવી

રાજકોટ, તા.૦૨

ભાવનગર આવેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતુ કે, માતા-પિતા પોતાની દીકરીઓનું ખાસ ધ્યાન રાખે. જો કોઈ ફસાવવાનો પ્રયાસ કરતું હોય તો ડર્યા વગર પોલીસ સમક્ષ આવે. દીકરીની ઓળખ છતી ના થાય તેનું ધ્યાન રાખી ગુજરાત પોલીસ કાર્યવાહી કરશે.ભાવનગર જિલ્લાની મુલાકાતે આવેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લવ જેહાદને લઈ મહત્વનું નિવેદન આપ્યું છે. પાલિતાણામાં છેલ્લા થોડા સમયમાં બે હિન્દુ યુવતીઓને વિધર્મી યુવકો દ્વારા ભગાડી જવાના કિસ્સાઓ નોંધાયા છે. ત્યારે હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, વિધર્મીઓ દ્વારા ષડયંત્ર રચી ભોળી દીકરીઓને ફસાવવામાં આવી રહી છે. પરંતુ, આ મામલે ગુજરાત પોલીસ સતર્ક છે કોઈને પણ બક્ષવામાં નહીં આવે. પાલિતાણાની ઘટના અંગે નિવેદન આપતી સમયે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતુ કે, પ્રેમ કરવો ગુનો નથી. પરંતુ, વિધર્મીઓ દ્વારા ષડયંત્ર રચી નામ બદલાવીને ભોળી દીકરીઓને ફસાવવામાં આવી રહી છે. આ પ્રકારની બાબત ગુજરાત પોલીસ જરા પણ ચલાવી નહી લે.

### રાજકોટના આર્કિટેકટ કુલદીપસિંહ જયદીપસિંહ ડોડિયાના જીવનસંગીની

# ઉના પંથકના ખેડૂત પરિવારના દીકરી રીમાબેન ડીવાય.એસ.પી. તરીકે ઉતિર્ણ



રાજકોટ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ખાપટ ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ઉદયસિંહ રામભાઈ ઝાલા અને શ્રીમતી લલીતાબેન ઉદયસિંહ ઝાલાની સુપુત્રી રીમાબેન ઉદયસિંહ ઝાલાએ જી.પી.એસ.સી. દ્વારા તાજેતરમાં લેવાયેલી ક્લાસ ૧ ની લેખિત અને મૌખિક પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉચ્ચ ગુણાંકન સાથે પાસ કરી છે.

મૂળભૂત રીતે સાયન્સ અને ટેક્નોલોજીના તેજસ્વી વિદ્યાર્થીની રીમાબેન ઝાલાના દાદા અને ઉના સુગર ફેક્ટરીના પૂર્વ અધ્યક્ષ તેમજ સહકારી ક્ષેત્રના ગૌરવવંતા અગ્રણી સ્વ. રામભાઈ કાળાભાઈ ઝાલાનું તેમની આ બાળપણથી અભ્યાસ માં તેજસ્વી પૌત્રીને ક્લાસ ૧ અધિકારી બનાવવાનું સ્વપ્ન હતું જે પૌત્રી રીમાબેને ડીવાય. એસ. પી. તરીકે પ્રથમ પ્રયત્ને પસંદગી પામી સાકાર કર્યું છે.

રીમાબેન ઝાલાના પતિ કુલદીપસિંહ ડોડીયા રાજકોટ શહેરના જાણીતા આર્કિટેક્ટ અને અર્બન પ્લાનર છે તેમજ તેમના સસરા પ્રો. ડો. જયદીપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના અંગ્રેજી ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. રીમાબેન ઝાલાએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે પોતાની સફળતા પાછળ તેમના પિયર તેમજ સસરા પક્ષનો મહત્વનો ફાળો રહ્યો છે અને લગ્ન બાદ પણ પોતાનું સંપૂર્ણ ધ્યાન સ્પર્ધાત્મક પરીક્ષા પર કેન્દ્રિત કરી શકે તેની ખાસ કાળજી તેના સાસુ શ્રીમતી ધીરજબા જયદીપસિંહ ડોડીયા અને નણંદ ડો. ભાર્ગવી જયદીપસિંહ ડોડીયા (એનેસ્થેશિયોલોજિસ્ટ) દ્વારા લેવામાં આવી હતી. નાનપણથીજ તેમને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે તેમના દાદા સ્વ. રામભાઈ ઝાલા, દાદી દેવીમાં ઝાલા, કાકા દીપસિંહભાઈ રામભાઈ ઝાલા, કાકી શ્રીમતી મંજુબેન દીપસિંહભાઈ ઝાલા તેમજ સ્વ. રામભાઈ ઝાલા પરિવારના તમામ સભ્યોએ ખાસ કાળજી લીધી હતી અને સ્ત્રી સશક્તિકરણ નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. રીમાબેન ઝાલા ડીવાય. એસ. પી. તરીકે પસંદગી પામતા ખાપટના ઝાલા પરિવાર તેમજ શિલોદર ના ડોડીયા પરિવાર માં ખુશીનો માહોલ છવાયેલ છે તેમજ રીમાબેન ને સમાજ ના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા છે.

ડીવાય.એસ.પી. તરીકે પ્રથમ પ્રયત્ન પસંદગી પામનાર રીમાબેન ઝાલાને તેમના પરિવારના વડીલો શ્રી કીસાભાઈ વીરાભાઈ ડોડીયા, શ્રીમતિ દુધીબેન કીસાભાઈ ડોડીયા, શ્રી ભરતભાઈ રામભાઈ ઝાલા, શ્રીમતિ ગીતાબેન ભરતભાઈ ઝાલા, શ્રી જસવંતસિંહ રામભાઈ ઝાલા તેમજ શ્રીમતિ લલીતાબેન જસવંતસિંહ ઝાલા, શ્રીમતિ વનીતાબેન ઉકાભાઈ વૈંશ, શ્રી કરસનભાઈ કીસાભાઈ ડોડીયા, શ્રીમતિ કમળાબેન કરસનભાઈ ડોડીયા તેમજ પ્રિન્સીપાલ મંજુલાબેન કીસાભાઈ ડોડીયાએ અભિનંદન સહ આશિર્વાદ પાઠવ્યા છે.

# ગાંધીનગર : ઘરઘાટી મહિલાએ નવ દિવસમાં કળા કરી મકાન માલિકના ઘરમાં હાથ સાફ કર્યો

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના ભાટ ગામે આવેલા આત્રેતુલીપ ફલેટમાં ઘરઘાટીનું કામ કરતી મહિલાએ માત્ર નવ દિવસમાં જ મોકો મળતાં જ મકાન માલિકની સાત વર્ષની દીકરીના ગળામાંથી ૪૫ હજારનો સોનાની દોરો અને ડ્રોવરમાંથી ૨૨ હજાર રોકડની સફાઈ કરી લીધી હતી. આ અંગે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવતાં પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી છે.

ગાંધીનગર ભાટ મધર ડેરી પાસે આત્રેતુલીપ ફ્લેટ નંબર – એચ /૬૦૨માં રવિભાઈ શંકરભાઈ માખીજાની પત્ની મનીષાબેન અને બે સંતાનો સાથે રહે છે. અમદાવાદ ક્લોથ માર્કેટ રેડીમેડ કાપડનો ધંધો કરતાં રવિભાઈ સવારે દુકાને જતાં રહેતાં હતાં. છેલ્લા કેટલાક વખતથી તેમની પત્ની ઘરઘાટીની શોધમાં હતા. ગત તા. ૧૦મી ડિસેમ્બરના રોજ સવારે દંપતી ઘરે હાજર હતું. એ સમયે એક મહિલા હાઉસ કીપિંગનું કામ કરતી હોવાની કહી કોઈ કામ બંધાવવું હોય તો કહેજો એમ કહેવા લાગી હતી. આથી મનીષાબેને તેનું નામ ઠામ પૂછતાં તેણે પોતાનું નામ કિરણબેન વિનોદભાઈ ગોયર (રહે. ભાટ, રબારી વાસ) હોવાની ઓળખાણ આપી હતી.

બાદમાં નક્કી થયા મુજબ કિરણ સવારે દસ વાગ્યાથી બપોરના દોઢ વાગ્યા સુધી ઘરનું કામકાજ કરવા આવતી હતી. શરૂઆતના દિવસમાં કિરણની ચાલ ચલગત સારી દેખાતાં મનીષાબેને તેની પર વિશ્વાસ મૂકી દીધો હતો, પરંતુ નવ દિવસ પછી ૧૯મી ડિસેમ્બરના રોજ તેમની સાત વર્ષની દીકરી માયરા તેની સ્ટડીબુક કાઢી રહી હતી ત્યારે તેના ગળામાંથી ૪૫ હજારની કિંમતની ચેઈન ગાયબ હતી. જોકે, દીકરીને ચેઇન અંગે કઈ ખબર ન હતી. જે અંગે મનીષાબેને પતિનું પણ ધ્યાન દોર્યું હતું.

સાત વર્ષની દીકરીએ રમત રમતમાં ચેઈન પાડી નાખી હશે એમ માનીને દંપતીએ ઘરમાં કામ કરતી કિરણ તરફ ધ્યાન કેંદ્રિત કર્યું ન હતું, પરંતુ ૨૩મી ડિસેમ્બરના રોજ તેમના રૂમના ડ્રોવરમાંથી ૨૨ હજારની રોકડ પણ ચોરાઈ ગઈ હતી. જેથી ઘરમાં તપાસ કરવા છતાં રૂપિયા મળી આવ્યા ન હતા. જોકે કિરણ તેનું ઘરઘાટીનું કામ કરતી રહેતી હતી. જેનાં પર શંકા રાખી રવિભાઈ અને તેમના મિત્રએ કિરણની કડકાઈથી પૂછતાંછ કરતાં તેણે જ ઘરમાં હાથ ફેરો કર્યાની કબૂલાત કરી હતી. જે અંગે રવિભાઈની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ગુનો નોંધી કિરણની ધરપકડ કરી લીધી હતી.

# રાજ્યમાં આજથી બાળકોના રસીકરણની મેગાડ્રાઈવ શરૂ

અમદાવાદ,તા.૦૨

આજથી રાજ્યમાં ૩થી ૯ જાન્યુઆરી સુધી ખાસ મેગા ડ્રાઈવના ભાગરૂપે ૧૫-૧૮ વર્ષના બાળકો અને યુવાનોને કોવિડ-૧૯ને કોરોના વેક્સિન અપાશે. શાળા અને અન્ય સ્થળે જ્યાં આ વય જૂથના લાભાર્થીના રસીકરણ માટે અલગ-અલગ સેશન ગોઠવાશે. શાળાઓ, આઈટીઆઈ કે શાળાએ ન જતા બાળકોને પણ આવરી લેવાશે. ઉપરાંત દિવ્યાંગ સંસ્થાઓ, અનાથાશ્રમો તથા માનસિક રીતે અસ્વસ્થ હોય તેવા બાળકોને સાચવતી સંસ્થાઓને પણ આવરી લેવાશે. રાજ્યમાં કુલ આશરે ૩૫ લાખથી ૩૬ લાખ બાળકોને રસી આપવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદના જ અઢી લાખ જેટલા બાળકોને વેક્સિન આપવામાં આવશે. જે કિશોર પાસે કોઈપણ ઓળખપત્ર ન હોય, તેમને મોબાઈલ નંબરથી નોંધણી કરીને રસી આપવામાં આવશેપકિશોર તેમના માતા-પિતાના મોબાઈલ નંબરના આધારે પણ રસી માટે નોંધણી કરાવી શકે છે.. મિત્ર કે શાળાના આચાર્યના નંબરથી પણ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન કરાવી શકશે. શાળામાંથી વેક્સિન લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓનું શાળામાં જ રજીસ્ટ્રેશન કરાશે અને રસી અપાશે. આ માટે સ્કૂલના ૩-૪ રૂમનો ઉપયોગ કરાશે. જેમાં એક રૂમમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા રહેશે. બીજા રૂમમાં વેક્સિન અપાશે અને અન્ય રૂમમાં વિદ્યાર્થીઓને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે. રજિસ્ટ્રેશન માટે સૌથી પહેલાં CoWIN એપ પર જાઓ. ત્યારબાદ તરૂણનું નામ ઉંમર સહિતની માહિતી લખો. તમારા રહેણાંક વિસ્તારનો પિનકોડ નાખો. રસીકરણ સેન્ટરના લીસ્ટમાંથી કેન્દ્રની પસંદગી કરો. ત્યારાબાદ વેક્સિનેશનની તારીખ, સમય અને વેક્સિનને સિલેક્ટ કરો. રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ મોબાઈલ પર કન્ફોર્મેશન મેસેજ આવશે. રજિસ્ટ્રેશન થયા બાદ તમેનક્કી કરેલી તારીખે સેન્ટર પર જઈ વેક્સિનેશન કરાવી શકશે.

### બનાસકાંઠા, મહિસાગર સહિત ઉત્તર ગુજરાતમાં અસરો

# ગુજરાતમાં ૫મી જાન્યુઆરીએ કમોસમી વરસાદની સંભાવના

અમદાવાદ,તા,૦૨

હવામાન ખાતાની આગાહી મુજબ, રાજ્યમાં ૫મી જાન્યુઆરીના રોજ ઉત્તર ગુજરાતના અમુક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી શકે છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી તથા મહિસાગરમાં છૂટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. રવિ પાકની સીઝનમાં વરસાદની આગાહીથી ખેડૂતો ફરી એકવાર ખેતીને લઈને થનારા નુકસાનથી ચિંતિત બન્યા છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, શુક્રવારે મોડી રાત સુધી શહેરમાં ઠંડા પવનોને કારણે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. પરંતુ, શનિવારે સવારથી અમદાવાદનું તાપમાન વધતાં ઠંડીમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩ ડિગ્રી વધીને ૨૭.૫ ડિગ્રી અને લઘુતમ પણ ૩ ડિગ્રી વધીને ૧૫.૧ ડિગ્રી નોંધાયું હતું. આગામી બેથી ચાર દિવસો દરમિયાન અમદાવાદના તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો વધારો થતાં ઠંડીમાં ઘટાડો થશે, પણ ૮ જાન્યુઆરીથી ઠંડી વધવાની શક્યતા છે.

રાજ્યમાં ૧૦ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું હતું. આગામી ૪થી ૫ દિવસોમાં શહેરોના મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં રાજ્ય સહિતના કેટલાક વિસ્તારોમાં માવઠું અને વરસાદી છાંટા પડવાને કારણે ઠંડી વધી હતી.

આ ઉપરાંત ઉત્તર ભારતમાં હીમ વર્ષાને કારણે ઠંડા પવન શરૂ થતાં શહેરમાં ઠંડી વર્તાઈ હતી. જોકે હવે ઠંડીમાં ધીમે ધીમે ઘટાડો થવાની શક્યતા છે.છેલ્લાં ચાર દિવસથી અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડા પવનોને કારણે ઠંડીનું મોજું ફરી વળ્યું હતું.

જો કે શનિવારથી ઠંડા પવનોનું જોર ઘટતાં ઠંડીમાં ઘટાડો નોંધાયો છે. આગામી બેથી ત્રણ દિવસો દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં રાજ્યમાં ૪થી ૫ દિવસો દરમિયાન ઠંડીનું જોર ઘટવાની શકચતા હવામાન વિશેષજ્ઞો વ્યક્ત કરી છે. આ સાથે જ ૫મી જાન્યુઆરીએ ઉત્તર ગુજરાત ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં માવઠાની પણ આગાહી હવામાન વિભાગે કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.